Sunday
10.03.2024
✳Volume :8 ✳ Issue No.228
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ આસામના જોરહાટમાં રૂ. ૧૭,૫૦૦ કરોડથી વધુના મૂલ્યની બહુવિધ વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન, રાષ્ટ્રને સમર્પિત અને શિલાન્યાસ કર્યા

આસામમાં રૂ.૧૩૦૦ કરોડથી વધુની કિંમતની રાષ્ટ્રની મહત્વપૂર્ણ રેલવે યોજનાઓને સમર્પિત

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આસામના જોરહાટમાં ૧૭,૫૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની બહુવિધ વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન કર્યું, રાષ્ટ્રને સમર્પિતકર્યું અનેશિલાન્યાસ કર્યો. આજના વિકાસ પરિયોજનાઓ આરોગ્ય, તેલઅને ગેસ,રેલ અને આવાસના ક્ષેત્રોને સમાવે છે. સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ આ પ્રસંગે ઉપસ્થિત વિશાળ જનમેદનીમાટે આભારવ્યક્ત કર્યો હતો અને રાજ્યમાં ૨૦૦ વિવિધ સ્થળોએથી ૨ લાખ લોકો જોડાયા હોવાનું પણ સ્વીકાર્યું હતું. શ્રી મોદીએ કોલાઘાટના લોકો દ્વારા

"મોદી સમગ્ર પૂર્વોત્તરને તેમનો પરિવાર માને છે. એટલા માટે અમે વર્ષોથી પેન્ડિંગ એવા પ્રોજેક્ટ્સ પર પણ ફોકસ કરી રહ્યા છીએ.

હજારો દીવાઓ પ્રગટાવવાની પણ નોંધલીધી અને કહ્યું કે લોકોનો પ્રેમ અને સ્નેહ તેમની સૌથી મોટી સંપત્તિ છે. તેમણેશિલાન્યાસ કરીને આસામના વિકાસને વેગ આપવાની ખાતરી આપીહતી અને આરોગ્ય, આવાસ અને પેટ્રોલિયમના ક્ષેત્રોને લગતી આશરે રૂ. ૧૭,૫૦૦ કરોડની રાષ્ટ્ર વિકાસ યોજનાઓનેઆજે સમર્પિત કરી હતી. કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનની તેમની મુલાકાત વિશે વાત કરતાં, પ્રધાનમંત્રીએ તેને એક અનન્ય રાષ્ટ્રીય ઉદ્યાન અને વાઘ સંરક્ષણ ગણાવ્યું હતુંઅને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટની તેની જૈવવિવિધતા અને ઈકોસિસ્ટમના આકર્ષણનેરેખાંકિત કર્યુંહતું. તેમણે કહ્યું "૭૦ ટકા એક શિંગડાવાળા ગેંડાકાઝીરંગામાં છે". તેમણે સ્વેમ્પ ડીયર, વાઘ, હાથી અને જંગલી ભેંસ જેવા વન્યજીવોને શોધવાના અનુભવ વિશે પણ વાત કરી. પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું કેકેવીરીતે બેદરકારી અને ગુનાહિત સહયોગનેકારણે ગેંડોદુર્લભ બની ગયો અને ૨૦૧૩માં એક જ વર્ષમાં ૨૭ ગેંડાના શિકારને યાદ કર્યો. સરકારના પ્રયાસોથી ૨૦૨૨માં આ સંખ્યા શૂન્ય પર લાવવામાં આવીહતી. કાઝીરંગાના સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે આસામના લોકોને શુભેચ્છા પાઠવતા પ્રધાનમંત્રીએ નાગરિકોને રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેવાનું આહ્વાન કર્યું. પ્રધાનમંત્રીએ આજે ??વીર લચિત બોરફૂકનની ભવ્ય પ્રતિમાનું અનાવરણ કરવાનો ઉલ્લેખ કર્યો હતોઅને કહ્યુંહતું કે, "વીર લચિતબોરફૂકન આસામની વીરતા અને નિશ્ચયનું પ્રતીક છે". તેમણે નવી દિલ્હીમાં ૨૦૦૨માં તેમની ૪૦૦મી જન્મજયંતિ ખૂબ

"વિકિત ભારત માટે પૂર્વોત્તરનો વિકાસ અનિવાર્ય છે"

"કાઝીરંગા નેશનલ પાર્ક અનોખો છે, દરેકે તેની મુલાકાત લેવી જોઈએ"

જ ધામધૂમથી અને સન્માન સાથે ઉજવવાનું પણ યાદ કર્યું અને બહાદુર યોદ્ધા સમક્ષ નમન કર્યું. પ્રધાનમંત્રીએ કહ્યું, "વિકાસ ભી ઔર વિરાસત ભી' વિકાસ તેમજ વારસો એઅમારી ડબલ એન્જિન સરકારનો મંત્રરહ્યો છે. તેમણે કહ્યું કે આસામે માળખાકીય સુવિધાઓ, આરોગ્ય અને ઉર્જા ક્ષેત્રે ઝડપી

"વીર લચિત બોરફૂકન એ આસામની બહાદુરી અને નિશ્ચયનું પ્રતીક છે"

પ્રગતિ કરી છે.એઈમ્સ, તિનસુકિયા જેવી આરોગ્ય માળખાકીય સુવિધાઓ જોરહાટમાં મેડિકલ કોલેજ, શિવ સાગર મેડિકલ કોલેજ અને કેન્સર હોસ્પિટલ આસામને સમગ્ર ઉત્તરપૂર્વ માટે મેડિકલ હબ બનાવશે, એમ તેમણે જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ પીએમ ઉર્જા ગંગા યોજના હેઠળ બરૌની - ગુવાહાટી પાઈપલાઈનનું સમર્પણ પણ કર્યું. તેમણે માહિતી આપી હતી કે ગેસ પાઈપલાઈન પૂર્વોત્તર ગ્રીડને રાષ્ટ્રીય ગ્રીડ સાથે જોડશે અને ૩૦ લાખ ઘરો અને ૬૦૦થી વધુ ઝ્દ્ર૨ સ્ટેશનોને ગેસપહોંચાડવામાં મદદ કરશે, જેનાથી બિહાર, પશ્ચિમ બંગાળ અને આસામના ૩૦ થી વધુ જિલ્લાઓના લોકોને ફાયદો થશે. ડિગબોઈ રિફાઈનરી અને ગુવાહાટી રિફાઈનરીના વિસ્તરણના ઉદ્‌ઘાટન વિશે બોલતા પ્રધાનમંત્રીએ કહ્યું કે અગાઉની સરકારોએ આસામમાં રિફાઈનરીઓની ક્ષમતા વધારવાની લોકોની લાંબા સમયથી ચાલતી માંગની અવગણના કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વર્તમાન સરકારના પ્રયાસોથી આસામમાં રિફાઇનરીની કુલ ક્ષમતા હવે બમણી થશે જ્યારે નુમાલીગઢ રિફાઈનરીની ક્ષમતા ત્રણ ગણી થશે. તેમણે વધુમાં કહ્યું "કોઈપણ પ્રદેશનો વિકાસ ઝડપી ગતિએ થાય છે જ્યારે વિકાસ માટેના ઈરાદા મજબૂત હોય છે". તેમણે ૫.૫ લાખ પરિવારોને અભિનંદન આપ્યા જેમને આજે પાકું મકાન મળ્યું છે. તેમણે કહ્યું કે આ ઘરો માત્ર ઘરો નથી પરંતુ તેમાં શૌચાલય, ગેસકનેક્શન, વીજળી અને પાઈપવાળાપાણીના કનેક્શન જેવીસુવિધાઓથી સજ્જ છે. અત્યાર સુધીમાં ૧૮ લાખ પરિવારોને આવા મકાનો આપવામાં આવ્યા છે, એમતેમણે જણાવ્યુંહતું. તેમણે એ વાત પર ખુશી વ્યક્ત કરી કે આમાંથી મોટાભાગના ઘર મહિલાઓના નામેછે. આસામની દરેક મહિલાનું જીવન સરળ બનાવવા અને તેની બચતમાં સુધારો કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતાં પ્રધાનમંત્રીએ ગઈકાલે મહિલા દિવસ પર ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરવાના નિર્ણયનો ઉલ્લેખ કર્યો હતો. આયુષ્માન કાર્ડ જેવી યોજનાઓથી પણ મહિલાઓને ફાયદો થઈ રહ્યો છે. જલ જીવન મિશન હેઠળ, આસામમાં ૫૦ લાખથી વધુ પરિવારોને પાઈપથી પાણીના જોડાણો મળ્યા છે. તેમણે ૩ કરોડ લખપતિ દીદીઓ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પણપુનરોચ્ચાર કર્યોહતો. ૨૦૧૪ પછી આસામમાં થયેલા ઐતિહાસિક પરિવર્તનો પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ ૨.૫ લાખથી વધુ ભૂમિહીન વતનીઓને જમીનના અધિકારો આપવા અને લગભગ ૮ લાખ ચાના બગીચાના કામદારોને બેંકિંગ સિસ્ટમ સાથે જોડવાનો ઉલ્લેખ કર્યો, જેના કારણે સરકારી લાભો સીધા તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર થાય છે. પ્રધાનમંત્રીએ કહ્યું, આનાથી

સમગ્ર આસામમા PMAY-G હેઠળ બાંધવામાં આવેલા લગભગ ૫.૫ લાખ ઘરોનું ઉદ્‌ઘાટન કર્યું

"વિકાસ ભી ઔર વિરાસત ભી' અમારી ડબલ એન્જિન સરકારનો મંત્ર રહ્યો છે"

વચેટિયાઓ માટે તમામ દરવાજા બંધ થઈ ગયા. "વિકસીત ભારત માટે પૂર્વોત્તરનો વિકાસ અનિવાર્ય છે", પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું, "મોદી સમગ્ર પૂર્વોત્તરને તેમનો પરિવાર માને છે. તેથી જ અમે વર્ષોથીપેન્ડિંગપડેલાપ્રોજેક્ટ્સ પર પણ ધ્યાન કેન્દ્રિત કરીરહ્યા છીએ," તેમણે કહ્યું. ૨૦૧૪માં આસામમાં તેમણે સરાઈઘાટ પર બ્રિજ, ધોલા-સાદિયા બ્રિજ, બોગીબીલ બ્રિજ, બરાક વેલી સુધી રેલવે બ્રોડગેજનું વિસ્તરણ, મલ્ટિ-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક, જોગીઘોપા, બ્રહ્મપુત્રાનદી પર બે નવાપુલ અને ઉત્તરપૂર્વમાં ૧૮ જળમાર્ગો જેવા પ્રોજેક્ટનોઉલ્લેખ કર્યોહતો. તેમણે કહ્યું કેઆ પ્રોજેક્ટ્સેપ્રદેશમાં નવી શક્યતાઓ ઊભી કરી છે. તેમણે UNNATI સ્કીમનોપણઉલ્લેખ કર્યો જે છેલ્લી કેબિનેટ બેઠકમાં વિસ્તૃત અવકાશ સાથે નવા સ્વરૂપમાં મંજૂર કરવામાં આવી હતી. કેબિનેટે જ્યુટ માટે એમએસપીમાં પણ વધારો કર્યો છે જેનાથી રાજ્યના શણના ખેડૂતોને ફાયદો થશે. પ્રધાનમંત્રીએ લોકોના પ્રેમ અને સ્નેહ માટે આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે દરેક ભારતીય તેમનો પરિવાર છે. "લોકોનો પ્રેમ મોદી પર માત્રએટલા માટે નથી કે તેઓ માને છે કે ભારતના ૧૪૦ કરોડ નાગરિકો તેમનોપરિવાર છે, પરંતુતેઓ રાત-દિવસતેમની સેવા કરીરહ્યા છે",પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આજનો પ્રસંગ આ માન્યતાને રજૂ કરે છે. તેમણે 'ભારત માતાકી જય' નાનારા સાથે આજના વિકાસ પ્રોજેક્ટ માટે નાગરિકોને અભિનંદન આપીને સમાપન કર્યું હતું. આ પ્રસંગે આસામના મુખ્યમંત્રી ડો. હિમંતા બિસ્વાસરમાઅને કેન્દ્રીય મંત્રી શ્રી સર્વનંદા સોનોવાલ સહિતના લોકો હાજર હતા.

પ્રધાનમંત્રીએ અરુણાચલ પ્રદેશના ઈટાનગરમાં વિકસિત ભારત વિકસિત ઉત્તર પૂર્વ કાર્યક્રમને સંબોધિત કર્યો

મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા અને અરુણાચલ પ્રદેશમાં રૂ. ૫૫,૬૦૦ કરોડના મૂલ્યના બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સદૃના ઉદ્‌ઘાટન, રાષ્ટ્રને સમર્પિત અને શિલાન્યાસ

તવાંગને તમામ હવામાનમાં જોડાણ પ્રદાન કરવા માટે સેલા ટનલ રાષ્ટ્રને સમર્પિત કરી

"વિકાસ કાર્યો સૂર્યના પ્રથમ કિરણોની જેમ અરુણાચલ અને ઉત્તરપૂર્વમાં પહોંચી રહ્યા છે"



ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મુસાફરો અને કાર્ગોની અવરજવરને સરળ બનાવવા માટે સબરૂમ લેન્ડ પોર્ટનું ઉદ્‌ઘાટન કર્યું

અરુણાચલ પ્રદેશમાં દિબાંગ બહુહેતુક હાઇડ્રોપાવર પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અરુણાચલ પ્રદેશના ઈટાનગરમાં વિકસિત ભારત વિકસિત ઉત્તર પૂર્વ કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. શ્રી મોદીએ મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા અને અરુણાચલ પ્રદેશમાં આશરે રૂ. ૫૫,૬૦૦ કરોડના મૂલ્યની બહુવિધ વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન કર્યું, રાષ્ટ્રને સમર્પિતકર્યું અનેશિલાન્યાસ કર્યો. તેમણે સેલા ટનલ પણ રાષ્ટ્રને સમર્પિત કરી અને આશરે રૂ. ૧૦,૦૦૦ કરોડની UNNATI યોજના શરૂ કરી. આજના વિકાસ પ્રોજેક્ટ્સમાં રેલ, રોડ, આરોગ્ય, આવાસ, શિક્ષણ, બોર્ડર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આઈટી, પાવર, ઓઈલ અને ગેસ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ વિકસિત રાજ્યથી ચાલી રહેલા વિકસિત ભારતના રાષ્ટ્રીય તહેવારની નોંધ લીધી. તેમણે ઉત્તરપૂર્વના લોકોમાં વિકસિત ઉત્તરપૂર્વ માટેના નવા ઉત્સાહનો સ્વીકાર કર્યો. તેમણે પહેલ માટે નારી શક્તિના સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો. પૂર્વોત્તરના વિકાસ માટે 'અષ્ટલક્ષ્મી'ના તેમના વિઝનનો પુનરોચ્ચાર કરતા, પ્રધાનમંત્રીએ આ ક્ષેત્રને દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયાસાથે પ્રવાસન, વેપાર અને સાંસ્કૃતિક સંબંધોની મજબૂત કડી ગણાવ્યું હતું. આજની રૂ. ૫૫,૦૦૦ કરોડની યોજનાઓ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે અરુણાચલપ્રદેશના ૩૫,૦૦૦ હજાર પરિવારોને તેમના પાકાં મકાનો, અરુણાચલઅને ત્રિપુરાના હજારો પરિવારો માટે પાઈપવાળા પાણીના જોડાણો અનેપ્રદેશના ઘણા રાજ્યો માટે કનેક્ટિવિટી સંબંધિત પ્રોજેક્ટ મળ્યા છે. પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું કે- આ શિક્ષણ, રોડ, રેલવે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હોસ્પિટલો અને પ્રવાસન પ્રોજેક્ટ્સ ઉત્તરપૂર્વના વિકસિતની ગેરંટી સાથેઆવ્યા છે. તેમણે વધુમાંજણાવ્યું હતુંકે છેલ્લા ૫ વર્ષમાં ભંડોળની ફાળવણી અગાઉના સમય કરતાં ચાર ગણી વધારે છે. પ્રધાનમંત્રીએ ઉત્તરપૂર્વને ધ્યાનમાંરાખીને કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા વિશેષ અભિયાન મિશન પામ ઓઈલને ઉજાગર કર્યું અને માહિતીઆપી કે આ મિશન હેઠળની પ્રથમ ઓઈલ મિલનું આજેઉદ્‌ઘાટન થઈરહ્યું છે. પ્રધાનમંત્રીએ પામની ખેતી કરવા બદલ ખેડૂતોનો આભાર વ્યક્ત કરતાં કહ્યું "મિશન પામ ઓઈલ ખાદ્ય તેલ ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવશે અને ખેડૂતોની આવકમાં વધારો કરશે". પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "અહીં થઈ રહેલા વિકાસ કાર્યોથી સમગ્ર ઉત્તરપૂર્વ મોદી કી ગેરંટીનો અર્થજોઈ શકે છે." તેમણે વર્ષ ૨૦૧૯માં સેલા ટનલ અને ડોની પોલો એરપોર્ટનો શિલાન્યાસ કરવાની નોંધલીધી જેનું ઉદ્‌ઘાટન કરવામાંઆવ્યું છે. "સમય, મહિનો કે વર્ષગમે તેહોય, મોદીફક્ત રાષ્ટ્ર અને તેના લોકોના કલ્યાણ માટે જ કામ કરે છે", તેમણે આ પ્રસંગે ઉપસ્થિત લોકોના સમર્થનને સ્વીકારતા કહ્યું. નવા સ્વરૂપ અને વિસ્તૃત અવકાશમાં પૂર્વોત્તરના ઔદ્યોગિક વિકાસ માટે દ્વદ્ગછૈં યોજના માટે તાજેતરમાં કેબિનેટની મંજૂરીનો ઉલ્લેખ કરીને, પ્રધાનમંત્રીએ સરકારની કાર્યશૈલીને રેખાંકિત કરી કારણ કે આ યોજનાને એક દિવસમાં સૂચિત કરવામાં આવી હતી અને માર્ગદર્શિકા જારી કરવામાંઆવી હતી. તેમણે છેલ્લા ૧૦ વર્ષમાંઆધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના દબાણ, લગભગએક ડઝન શાંતિ સમજૂતીના અમલીકરણ અને સરહદ વિવાદોના નિરાકરણ તરફ ધ્યાન દોર્યું. પ્રધાનમંત્રીએ કહ્યું કે આગળનું પગલું એ પ્રદેશમાં ઉદ્યોગનું વિસ્તરણ છે. "૧૦,૦૦૦ કરોડ રૂપિયાની દ્વદ્ગછૈં યોજના રોકાણ અને નોકરીઓની નવી સંભાવનાઓ લાવશે", પીએમ મોદીએ કહ્યું. તેમણે પ્રદેશના યુવાનો માટે સ્ટાર્ટઅપ્સ, નવી ટેકનોલોજી, હોમસ્ટે અને પ્રવાસન-સંબંધિત તકો પર તેમનું ધ્યાન કેન્દ્રિત કર્યું. પૂર્વોત્તારમાં મહિલાઓના જીવનને સરળ બનાવવાની સરકારની પ્રાથમિકતા પર પ્રકાશ ફેંકતા, પ્રધાનમંત્રીએ ગઈકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનાઅવસરે ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાના ઘટાડાનો ઉલ્લેખકર્યો હતો.તેમણે અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાનની સમગ્ર ટીમને નાગરિકોને નળના પાણીના જોડાણો ઉપલબ્ધ કરાવવા માટે કરેલા નોંધપાત્ર કાર્ય માટે પણ અભિનંદનપાઠવ્યાહતા.પ્રધાનમંત્રીએ અરુણાચલ અનેપૂર્વોત્તર વિકાસના અનેક માપદંડોમાંઅગ્રેસર હોવાનો આનંદ વ્યક્ત કર્યોહતો અને કહ્યું હતું કે, "વિકાસ કાર્યોસૂર્યના પ્રથમ કિરણોની જેમ અરુણાચલ અને ઉત્તરપૂર્વ સુધી પહોંચે છે". તેમણે રાજ્યમાં ૪૫,૦૦૦ ઘરો માટે પીવાના પાણી પુરવઠા પ્રોજેક્ટના ઉદ્‌ઘાટનની નોંધ લીધી. તેમણે અમૃત સરોવર ઝુંબેશ હેઠળ બાંધવામાં આવેલા અનેક સરોવરોનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં સ્વ-સહાય જૂથોની મદદથી ગામડાઓમાં લખપતિ દીદીઓ બનાવવામાં આવી. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું કે "અમારું લક્ષ્ય દેશમાં ૩ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનું છે અને પૂર્વોત્તરની મહિલાઓને પણ આનો લાભ મળશે". પ્રધાનમંત્રીએ સરહદી ગામોના વિકાસની અગાઉની ઉપેક્ષાની ટીકા કરી હતી. સેલા ટનલનો ઉલ્લેખ કરતાં, પ્રધાનમંત્રીએ ચૂંટણીલક્ષી વિચારણાઓ માટે નહીંપણ દેશની જરૂરિયાતો અનુસાર કામ કરવાની તેમની શૈલીનો પુનરોચ્ચાર કર્યો. પ્રધાનનમંત્રીએ સંરક્ષણ કર્મચારીઓને વચન આપ્યું હતું કે તેઓ તેમના આગામી કાર્યકાળમાં આ એન્જિનિયરિંગ અજાયબીમાં તેમને મળવા આવશે. આ ટનલ તમામ હવામાનમાં કનેક્ટિવિટી પ્રદાન કરશે અને તવાંગના લોકો માટે મુસાફરીનીસરળતામાં સુધારો કરશે. પ્રદેશમાં ઘણી ટનલ પર કામ ચાલી રહ્યું છે, પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી. તેમણે એમ પણ કહ્યું કેઅગાઉના અભિગમથી વિપરીત, તેઓ હંમેશા સરહદી ગામોને 'પ્રથમ ગામો' તરીકે માને છે અને વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ આ વિચારની સ્વીકૃતિ છે. આજે લગભગ ૧૨૫ ગામો માટે રોડ પ્રોજેક્ટ્સનો પ્રારંભ થયોહતો અને ૧૫૦ ગામોમાં પર્યટન સંબંધિત પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. પીએમ-જનમન યોજના હેઠળ સૌથી વધુ સંવેદનશીલ અને સૌથી પછાત જાતિઓની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવી રહ્યું છે. આજે મણિપુરમાં આવા આદિવાસીઓ માટે આંગણવાડી કેન્દ્રોનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ રેખાંકિત કર્યું હતું કે કનેક્ટિવિટી અને વીજળી સંબંધિત વિકાસ કાર્યો જીવનની સરળતા અને વ્યવસાય કરવાની સરળતા બનાવે છે. આઝાદી પછીથી ૨૦૧૪ સુધી કનેક્ટિવિટી વધારવા માટે કરવામાં આવેલા કામની તુલના ૨૦૧૪ પછીની સાથે કરીને, પ્રધાનમંત્રીએ સાત દાયકામાં ૧૦,૦૦૦ કિલોમીટરની સરખામણીમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૬,૦૦૦ કિલોમીટર હાઈવે બનાવવાઅને ૨૦૦૦ કિલોમીટર રેલ લાઈન નાખવાની માહિતી આપી હતી. પાવર સેક્ટરમાં, પ્રધાનમંત્રીએ અરુણાચલ પ્રદેશમાં દિબાંગ બહુહેતુક હાઈડ્રોપાવર પ્રોજેક્ટ અને ત્રિપુરામાં સોલાર પાવરપ્રોજેક્ટ માંશરૂ થયેલા કામનો ઉલ્લેખ કર્યો હતો. "દિબાંગ ડેમ ભારતનો સૌથી ઉંચો ડેમ હશે", તેમણે ઉત્તરપૂર્વમાંસૌથી ઊંચા પુલ અને સૌથી ઊંચા ડેમના સમર્પણની નોંધ લેતા કહ્યું. પ્રધાનમંત્રીએ અરુણાચલપ્રદેશ,આસામ, પશ્ચિમ બંગાળ અને ઉત્તર પ્રદેશની મુલાકાતો સહિત તેમના આજના સમયપત્રકની સમજ આપી હતી. પ્રધાનમંત્રીએકહ્યું કેદરેક ભારતીય તેમનો પરિવાર છે. પ્રધાનમંત્રીએ નાગરિકોને ખાતરી આપી હતી કે જ્યાં સુધી પાકું ઘર, મફત રેટન, સ્વચ્છ પીવાનું પાણી, વીજળી, શૌચાલય, ગેસ કનેક્શન, મફત સારવાર અને ઈન્ટરનેટ કનેક્શન જેવી મૂળભૂત જરૂરિયાતો પૂરી ન થાય ત્યાં સુધી તેઓ આરામ કરશે નહીં. સંબોધન સમાપ્ત કરતાં, પ્રધાનમંત્રીએ કહ્યું, "તમારા સપના મારા સંકલ્પો છે", અને આજના વિકાસ પ્રોજેક્ટ્સ માટે સમગ્ર પૂર્વોત્તર ક્ષેત્રનો આભાર માન્યો. પ્રધાનમંત્રીની વિનંતી પર, ભીડે વિકાસના તહેવારની ઉજવણી કરવામાટે તેમના મોબાઈલ ફોનની ફ્લેશલાઈટ ચાલુ કરી."આ તમાશો રાષ્ટ્રનેશક્તિ આપશે",તેમણે તારણ કાઢ્યું. અરુણાચલપ્રદેશના ગવર્નર, (નિવૃત્ત) લેફ્ટનન્ટ જનરલ કૈવલ્ય ત્રિવિક્રમ પરનાઈક અને અરુણાચલ પ્રદેશના મુખ્યપ્રધાન શ્રી પેમા ખાંડુ સહિતના લોકો આપ્રસંગે ઉપસ્થિત રહ્યાંહતા.

કમલમ્ ન્યુઝ,

ભાજપ કાર્યાલય, સિધ્ધપુર ખાતે કોંગ્રેસના પૂર્વ સરપંચશ્રી, પૂર્વ ડેલીગેટ, પૂર્વ કોર્પોરેટર, વિવિધ સમાજના ૩૦૦ થી વધુ આગેવાનો માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબની ઉપસ્થિતિમાં ભાજપમાં જોડાયાંહતાં. અને મોટી સંખ્યામાંહાજર રહેલા કોંગ્રેસના કાર્યકરોવિકાસની રાજનીતિને આવકારીને ભાજપને સમર્થન જાહેર કર્યું. અને આવનારી લોકસભા ચૂંટણીમાં ભાજપને જંગી બહુમતીથી જીતાડવાનો સૌએ સંકલ્પ કર્યો. આ પ્રસંગે સાંસદ શ્રી ભરતસિંહજી ડાભી, પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી દશરથજી ઠાકોર, પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ શ્રી નંદાજી ઠાકોર, પાટણ લોકસભા પ્રભારી શ્રી અશોકભાઈ જોશી, નગરપાલિકા પ્રમુખ અનિતાબેન પટેલ, વિસ્તારક શ્રી ભગીરથસિંહ જાડેજા, સિધ્ધપુર તાલુકા ભાજપપ્રમુખ, સરસ્વતી તાલુકા ભાજપ પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ, સંગઠનના હોદેદારો, કોર્પોરેટર શ્રીઓ ઉપસ્થિતરહ્યા હતા

તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૦૯ માર્ચ, ૨૦૨૪ના રોજ અરુણાચલ પ્રદેશના ઈટાનગરમાં વિકસિતભારત વિકઉત્તરપૂર્વ કાર્યક્રમ દરમિયાન સેલાટનલ પ્રોજેક્ટ રાષ્ટ્રને વર્ચ્યુઅલ રીતે સમર્પિતકર્યો હતો. આટનલનું નિર્માણબોર્ડર રોડઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારાકરવામાં આવ્યું છે. અરુણાચલ પ્રદેશના પશ્ચિમ કામેંગ જિલ્લાના તવાંગથી આસામના તેજપુરને જોડતારસ્તા પર ૧૩,૦૦૦ ફૂટનીઉંચાઈએ કરાયું છે. કુલ રૂ. ૮૨૫ કરોડના ખર્ચે બાંધવામાંઆવેલી આટનલ બલીપારા - ચારિદુર - તવાંગ રોડ પરના સેલા પાસ પર તવાંગને સર્વ-હવામાન જોડાણ પ્રદાન કરશે, જે સશસ્ત્ર દળોની સજ્જતાને વેગ આપશે અને સરહદી વિસ્તારના સામાજિક-આર્થિક વિકાસમાં વધારો કરશે. પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનમાં ક્ષેત્રના વિકાસ માટે સરકારની અતૂટ પ્રતિબદ્ધતાવ્યક્ત કરીહતી. તેમણે કહ્યું કે સેલા ટનલ તમામ હવામાનમાં કનેક્ટિવિટીપ્રદાન કરશે અને તવાંગના લોકો માટે મુસાફરીની સરળતામાં સુધારો કરશે. તેમણે વધુમાં કહ્યું કે, પ્રદેશમાં ઘણી ટનલ પર કામ ચાલી રહ્યું છે. પ્રધાનમંત્રીએ સરહદી ગામોના વિકાસની અગાઉની ઉપેક્ષાની ટીકા કરી હતી. તેમણે તેમની શૈલીમાં પુનરોચ્ચાર કર્યો કે રાષ્ટ્રની જરૂરિયાતો અનુસાર કામ કરવામાં આવશે ચૂંટણીલક્ષી વિચારણાઓ માટેનહીં. તેમણે સંરક્ષણ કર્મચારીઓને વચન આપ્યુંહતું કેતેઓ તેમની આગામી ટર્મમાંઆ એન્જિનિયરિંગઅજાયબીમાંતેમને મળવાઆવશે. અરુણાચલ પ્રદેશનામુખ્યપ્રધાન શ્રી પેમાખાંડુ અને અર્થસાયન્સ મંત્રી શ્રી કિરેન રિજિજુ સહિતના મહાનુભવો ઉદ્દઘાટન સમારોહમાં સામેલ થયા હતા. સેલા ટનલનું નિર્માણ નવી ઓસ્ટ્રિયન ટનલિંગ પદ્ધતિનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું છે અને તેમાં ઉચ્ચતમ ધોરણોની સુરક્ષા સુવિધાઓ સામેલ છે.

ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર દ્વારા શિવશોભા યાત્રાનું કરાયું સ્વાગત

કમલમ્ ન્યુઝ,જામનગર,

મહાશિવરાત્રી નિમિતે જામનગરમાં ભવ્યથી ભવ્ય શિવ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે, જામનગર શહેરમાં શિવ શોભાયાત્રાનું સ્વાગત કરવા પ્રજાજનો યાત્રાના માર્ગ ઉપર મળતી પડે છે, આ તબ્બકે ભારતીય જનતાપાર્ટી જામનગર શહેર દ્વારા બેડી ગેઈટ ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ તબ્બકેભારતીય જનતા પાર્ટી જામનગર શહેર અધ્યક્ષ ડો વિમલભાઈ કગથરા, સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, મહામંત્રી પ્રકાશભાઈ બામણીયા, વિજયસિંહ જેઠવા, મેરામણ ભાટુ, મેયર વિનોદ ખીમસુરિયા, સ્ટે. કમિટી ચેરમેન નિલેશ કગથરા, ડે મેયર કૃષ્ણાબેન સોઢા, સાશકપક્ષ નેતા આશિષ જોશી, પૂર્વ પ્રમુખો હસમુખ હિન્ડોચા, હિતેનભાઈ ભટ્ટ, અશોક નંદા, મુકેશ દશાણી, અમીબેન પરીખ, પૂર્વ ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી, મહાદેવ મિત્રમંડળ ના રાજુભાઈ વ્યાસ (મહાદેવ), પૂર્વ મંત્રીશ્રીઓ, પૂર્વ પ્રમુખો, પૂર્વ મેયર, મોરચાના પદાધિકારીઓ, કોર્પોરેટરઓ, વોર્ડના કાર્યકરો, સેલના હોદેદારો વગેરે મોટી સંખ્યામાંજોડાયા હતા.

પ્રધાનમંત્રીએ આસામના કાઝીરંગા નેશનલ પાર્કની મુલાકાત લીધી

નાગરિકોને તેની પ્રાકૃતિક સુંદરતાનો અનુભવ કરવા વિનંતી કરી

લખીમાઈ, પ્રદ્યુમ્ન અને ફૂલમાઈ હાથીઓને શેરડી ખવડાવી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આસામમાં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ કાઝીરંગા નેશનલ પાર્કની મુલાકાત લીધી હતી. શ્રી મોદીએ નાગરિકોને કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાતલેવા અનેતેનાલેન્ડસ્કેપ્સની અપ્રતિમ સુંદરતાનો અનુભવ કરવાપણ વિનંતી કરી. તેમણે વન દુર્ગાસાથે વાર્તાલાપ કર્યો, સંરક્ષણ પ્રયાસોમાં મોખરે રહેલી મહિલા વન રક્ષકોની ટીમ, અને કુદરતી વારસાના રક્ષણમાં તેમના સમર્પણ અનેહિંમતનીપ્રશંસાકરી પ્રધાનમંત્રી મોદીએ લખીમાઈ, પ્રદ્યુમ્ન અને ફૂલમાઈ હાથીઓને શેરડી ખવડાવતાની ઝલક પણ શેર કરી હતી. Xપર તેમની મુલાકાતને પ્રકાશિત કરતી પોસ્ટ્સની શ્રેણીમાં, પ્રધાનમંત્રીએ કહ્યું: "આજેસવારે હું આસામના કાઝીરંગા નેશનલ પાર્કમાંહતો. લીલીછમ હરિયાળીની વચ્ચે વસેલું, આ યુનેસ્કોવર્લ્ડ હેરિટેજ સાઈટ વૈવિધ્યસભર વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિથી સમૃદ્ધ છે જેમાં એક શિંગડાવાળા ગેંડાનો સમાવેશ થાય છે." "હું તમને બધાને વિનંતી કરીશ કે તમે કાઝીરંગા નેશનલ પાર્કની મુલાકાત લો અને તેના લેન્ડસ્કેપ્સની અપ્રતિમ સુંદરતા અને આસામના લોકોની હૂંફનો અનુભવ કરો. આ એક એવી જગ્યા છે જ્યાંદરેકમુલાકાતઆત્માને સમૃદ્ધ બનાવે છે અને તમને આસામના હૃદય સાથે ઊંડે સુધી જોડે છે. વન દુર્ગા સાથે વાર્તાલાપ કર્યો, મહિલાવન રક્ષકોનીટીમ જે સંરક્ષણ પ્રયાસોમાં મોખરે છે, બહાદુરીપૂર્વક આપણા જંગલોઅને વન્યજીવનનુંરક્ષણ કરે છે. આપણા પ્રાકૃતિક વારસાને બચાવવામાં તેમનુંસમર્પણ અને હિંમતખરેખર પ્રેરણાદાયીછે."લખીમાઈ, પ્રદ્યુમ્ન અને ફૂલમાઈને શેરડી ખવડાવવી. કાઝીરંગા ગેંડામાટે જાણીતુંછે પરંતુ ત્યાં બીજી ઘણી પ્રજાતિઓ સાથે હાથીઓપણ મોટીસંખ્યામાં છે."

કામોની કાર્યદક્ષતા અનેકામોલાવવાની કુનેહનો સંયોગ એટલે ધારાસભ્ય મહેશ કસવાળા

સાવરકુંડલા લીલીયા વિસ્તારમાં રોડ રસ્તા, મેજર બ્રિજ, માઈનોર બ્રિજ, પ્રોટેક્શન દીવાલ સહિતના કામોની વણઝાર

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નો આભાર - મહેશ કસવાળા

સાવરકુંડલા વિધાનસભાને ગુજરાતના નકશામાં અગ્રેસર લાવવાની ખવાહીશ - મહેશ કસવાળા

કમલમ્ ન્યુઝ,સાવરકુંડલા

સાવરકુંડલા લીલીયા વિધાનસભા ક્ષેત્રમાં ના ભૂતો ના ભવિષ્યમાં અંગેરાજ્ય સરકારમાં સતત રજૂઆતો કરીને કામોની કાર્યદક્ષતા સાથે કામ કરવાની કુનેહનો અદભુત સંયોગ આ વખતે ચૂંટાઈને આવેલા જન પ્રતિનિધિ મહેશ કસવાળાએ સાબિત કરી બતાવ્યો છે કે અગાઉ પીવાના પાણીથી લઈને ડેમો ભરવા સાથે રોડરસ્તાઓ, સ્પોર્ટ્સસંકુલ, ડ્રેનેઝ સુવિધાઓ સહિત શેહેર કે ગામડું વિકાસથી વંચિત ના રહે તેની તકેદારી રાખીને કરોડોની ગ્રાન્ટો રાજ્ય સરકારશ્રી માંથી મંજૂરી લાવ્યા બાદ વધુ એક મોર પીંછે સમાન સાવરકુંડલા લીલિયા ના ગ્રામીણ ગામડાઓમાટે ૭૨ કરોડ જેવી માતબર રકમ સરકારશ્રી માંથી જોબ નંબર સાથેની મંજૂરી મેળવીને ધારાસભ્ય મહેશ કસવાળાએ ચૂંટણીટાઈમે આપેલા વચનો એકવર્ષના ગાળામાંજ પૂર્ણ કરીને નવા કામોની રૂપરેખાઓ તૈયાર કરીને ગામડાઓ ભાજપ સરકારના વિકાસના અભિગમને સ્પષ્ટ જોઈ શકે તેવા ઉડીને આંખે વળગે તેવા કામો ધારાસભ્ય મહેશ કસવાળાએમંજૂર કરાવ્યાછે જેમાં ઘોબાથી ઠાસારોડ પર મેજર બ્રિજ ૧૧ કરોડ, લીલીયાના અંટાળીયા મહાદેવથી સાજણટીબા હરીપર રોડ પર માઈનોર બ્રિજ ૮ કરોડ, ગુંદરણથીહરીપર રોડપર માયનોર બ્રિજ ૨ કરોડ ૫૦ લાખ, ગાધકડાથી કલ્યાણપૂર રોડ પર બોક્સ કલ્વટ ૨ સ્પાન અને પ્રોટેક્શન દીવાલ ૬૭ લાખ, વાંશીયાળી જેજાદ રોડ બોક્સ કલ્વટ ૨ સ્પાન અને પ્રોટેક્શન દીવાલ ૬૭ લાખ, ધજડીપરા થી ખોડીયારમંદિર માયનોર બ્રિજ ૩ સ્પાન, ૭ મીટર અને પ્રોટેક્શન દીવાલ ૧ કરોડ ૨૦લાખ, મેવાસા એપ્રોચ રોડ માયનોર બ્રિજ, પ્રોટેક્શન દીવાલમાટે ૧ કરોડ ૫૦ લાખ, ફિફાદ ઘોબા પીપરડી રોડ હયાત જર્જરીત બોક્સ કલ્વટની

સાવરકુંડલા લીલીયા વિધાનસભા ક્ષેત્રમાં વધુ ૭૨ કરોડની મંજૂર કરતી રાજ્ય સરકાર

જગ્યાએ માયનોર બ્રિજ અને પ્રોટેકશન દીવાલ ૧ કરોડ ૨૦ લાખ, જીરા આંબા રોડ હયાત લો લેવલ કોઝવેથી બોક્સકલ્વટ અને પ્રોટેકશન દીવાલ ૬ કરોડ, અભરામપરા આંબરડી રોડ પર માયનોર બ્રિજ અને પ્રોટેકશન દીવાલ ૬૦ લાખ, થોરડી ઘનશ્યામનગર રોડ સ્લેબ ડ્રેઈન અને પ્રોટેકશન દીવાલ ૪૦ લાખ, પીઠવડી ધાર કેરાળા રોડ ૨ માયનોર બ્રિજ વેટેડ કોઝવે અને પ્રોટેક્શન દીવાલમાટે ૧ કરોડ ૫૦ લાખ, પીઠવડી ગણેશગઢ ગાધકડા રોડ માયનોર બ્રિજ ૨ વેટેડ કોઝવે પ્રોટેક્શન દીવાલ ૭૦ લાખ, ધાર મોલડી રોડમાયનોર બ્રિજ ૨ સ્પાન વેટેડકોઝવે, પ્રોટેકશન દીવાલ માટે ૭૦લાખ, સિમરણ નાના ભામોદ્રા રોડ માયનોર બ્રિજ ૬૫ લાખ, ખારા કૂતાણા ભોરિંગડા રોડ માયનોર બ્રિજ ૧ કરોડ૨૦ લાખ, કૂતાણા એપ્રોચ રોડ માઈનોર બ્રિજ ૨ કરોડ ૫૦ લાખ, ભોરીગડા થી ચારોડિયા રોડ જિલ્લા હદ સુધી માઈનોર બ્રિજ ૬૦લાખ, ગુંદરણ પાંચ તલાવડા રોડ માયનોર બ્રિજ ૬૦ લાખ, હરીપર એકલારા રોડ માયનોર બ્રિજ ૬૦ લાખ, ખારા ઢાગલા રોડમાયનોર બ્રિજ ૧ કરોડ ૪૦ લાખ, પુતળીયા એપ્રોચ રોડ માઈનોર બ્રિજ ૬૦ લાખ, હાથીગઢ ખારા રોડમાઈનોર બ્રીજ ૮૦ લાખ, જીરા થી ચાંદગઢ રોડ નોન પ્લાન માં માઈનોર બ્રિજ એપ્રોચ રોડ ૬૦ મીટર માટે ૧ કરોડ, ધાંડલા થી દોલતી વચ્ચે જામવાળીનદી પર વેંટીલેટેડ કોઝવે ૮ રો.૧૨૦૦ મી. મી.ના પાઈપ અને પ્રોટેક્શન દીવાલ માટે ૮૦ લાખ, મેંકડા ઈંગોરાળાનોન પ્લાન રોડ બોક્ષ કલ્વટ અને પ્રોટેકશન દીવાલમાટે ૬ કરોડ, મેંકડાશેલણા નોન પ્લાન રોડ પર માઈનોર બ્રિજ પ્રોટેક્શન દીવાલ માટે ૬૫ લાખ, લુવારાજૂના ગોરડકા રોડપર બ્રિજ કમ ડેમઅને પ્રોટેકશનદીવાલમાટે ૧ કરોડ અને ક્રાક્ચ કેરાળારોડ પર મેજર બ્રિજ માટે ૧૪ કરોડ જેવી રકમ સાથે કુલ ૭૨ કરોડની રકમ રાજ્ય સરકાર માંથી ધારાસભ્ય મહેશ કસવાળા મંજૂરી ની મહોર મારી ને લાવતા ગ્રામીણ ગામડાઓના માર્ગો બ્રિજો, કોઝવે, ચોમાસા ટાઈમે જરૂરિયાત મુજબની પ્રોટેકશન દીવાલ સહિતના કામો જોબ નંબર સાથે લાવીને ધારાસભ્ય મહેશ કસવાળાએ નામના નહિ પણ કામના કસવાળા સાવરકુંડલા લીલીયા ક્ષેત્રમાં સાબિત થયા હોવાનું સત્વઅટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી.હીરપરા ની અખબારીયાદીમાંજણાવ્યું છે

રાજ્યના તમામ નાગરિકોના સર્વાંગીણ વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ :- ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

કમલમ્ ન્યુઝ,કલોલ,

કલોલ શહેરમાં રૂ. ૧૦૦ કરોડથી વધુ રકમના ૬૫ થી વધુ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યના તમામ નાગરિકોના સર્વાંગીણ વિકાસ માટે રાજ્ય સરકારપ્રતિબદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે આ વિસ્તારના વિકાસ કામોને હંમેશાં પ્રાધાન્ય આપ્યું છે અને જે વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવે તેનું ચોક્કસ લોકાર્પણ થાય એ સરકારની કાર્ય સંસ્કૃતિછે. કલોલ વિસ્તારનાતેરસા ચાર રસ્તા નજીક યોજાયેલા કાર્યક્રમમાં ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રૂ. ૬૨.૨૦કરોડના ખર્ચે તૈયાર થનારા ૨૪ દ્વ લાંબા કલોલ-નારદીપુર-માણસા રોડને ચાર માર્ગીય કરવાના કાર્યનું ખાતમુહૂર્ત કરી, આ કામનો પ્રારંભ કરાવ્યો હતો. કલોલ માણસાઅને વિજાપુર તાલુકાને જોડતોઆ મુખ્યમાર્ગચાર માર્ગીય થતા અહીં ટ્રાફિકનું ભારણ ઘટશે અને ઈંધણની બચતથશે. ગૃહ રાજ્ય મંત્રીશ્રી એ આ અવસરે એસ.ટી. વિભાગની નવી ૨૫ બસ અને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત શહેરી સર્વિસની ગાંધીનગર કલોલ પાનસર રૂટની પાંચ નવી બસને લીલી ઝંડે દર્શાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ ઉપરાંત ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ કલોલનાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિસ્તાર ખાતેથી અમૃત યોજના ૨.૦ અંતર્ગત કલોલ નગરના વોર્ડનંબર ચાર, પાંચ અને અગિયારમાં ભૂગર્ભ ગટરના રૂ. ૩૭.૯૫ કરોડના વિકાસ કાર્યોનો શુભારંભ કરાવ્યોહતો. ત્યારબાદ મંત્રીશ્રીએ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને કલોલ નગરવાસીઓને સ્વચ્છતામાટે પ્રેરિત કર્યા હતા. આ અવસરે ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ કલોલ નગરના વિવિધ ૬૪ સ્થળે નિર્માણ થનારા સીસી રોડ, પેવર બ્લોક, સ્ટોર્મ વોટર લાઈન તથા પાણીની પાઈપલાઈન ના રૂ. ૪.૫૩ કરોડના વિકાસ કામોના ખાતમુહૂર્ત પણ કર્યા હતા. મંત્રીશ્રીએ રૂ. ૨૧ લાખના ખર્ચે નવનિર્મિત આરસોડિયા ગ્રામ પંચાયતના ભવનને લોકાર્પિત પણ કર્યું હતું. આ અવસરે કલોલના ધારાસભ્યશ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર, નગરપાલિકાનાપ્રમુખ શ્રી શૈલેશભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી બબીતાબેન ઠાકોર, જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ દવે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સંજય મોદી, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી જે. એન. વાઘેલા સહિત ઉચ્ચ અધિકારીઓ, મહાનુભાવો, અને વિશાળ સંખ્યામાં નગરજનોઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ જિલ્લા માહિતી ભવનનું નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે ભૂમિપૂજન કરાયું

માહિતી ખાતુ સરકારનો આયનો છે, સમાચાર આપવાની સાથે યોજનાનો પ્રચાર પ્રસાર પણ બખૂબી નિભાવે છે: મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

માહિતી ભવનની સાથે કુલ રૂ. ૨૨.૩૭ કરોડના વિવિધ કામોનું પણ ભૂમિપૂજન કરાયું

માહિતી ભવન બનવાથી પત્રકારોને કામ કરવામાં સુગમતા પડશે: ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ

જિલ્લા પંચાયતના વર્ગ - ૧ અને ૨ ના અધિકારીઓ માટે રૂ. ૧૪ કરોડ ૨૭ લાખના ખર્ચે સ્ટાફ કવાટર્સ બનશે

વલસાડ જિલ્લા પંચાયતના વર્ગ - ૧ અને વર્ગ - ૨ ના અધિકારીઓ માટેનાહાલના રહેણાંક સ્ટાફ ક્વાટર્સજર્જરિત હાલતમાં હોવાથી ઉપયોગમાં લઈ શકાય તેમ નથી. જેથી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારાવર્ગ ૧ ના નવા કવાટર્સ માટે રૂ. ૬૯૫ લાખ અને વર્ગ-૨ ના કવાટર્સ માટે રૂ. ૭૩૨ લાખ ફાળવાતા આજે નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. બંને વર્ગ માટેના સ્ટાફ કવાટર્સનું બાંધકામ આગામીએક વર્ષમાં પૂર્ણ કરાશે. વર્ગ૧ ના સ્ટાફ કવાટર્સમાં જી ૨ ફ્લોરમાં એક બ્લોકમાં ૬ યુનિટ મુજબ કુલ ૩ બ્લોકમાંકુલ ૧૮સ્ટાફ કવાટર્સ બનશે. જ્યારે વર્ગ-૨ માટે એકબ્લોકમાં ૬ યુનિટ મુજબ કુલ ૪ બ્લોકમાંકુલ ૨૪ સ્ટાફ કવાટર્સ બનાવાશે.આ નવાકવાટર્સ ભૂકંપપ્રતિરોધક આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરનાબાંધકામ તથાઈલેક્ટ્રિફિકેશન, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, સેનેટરી અને પાણી અને ફાયર સુવિધાઉપલબ્ધ કરાશે.

વલસાડ તાલુકા પંચાયત કચેરી આગામી ૧૧ માસમાં રૂ. ૩ કરોડના ખર્ચે તૈયાર થશે

વલસાડ તાલુકા પંચાયતની કચેરી જર્જરિત થતા રાજ્ય સરકાર દ્વારા નવી તાલુકા પંચાયત કચેરીના નિર્માણ માટે રૂ. ૩૧૦લાખ ફાળવાતા આજે નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ બાંધકામ આગામી ૧૧ માસમાં પૂર્ણ કરાશે. આ નવીન તાલુકા પંચાયતનું મકાન ભૂકંપપ્રતિરોધક આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચર (જી ૨)ના બાંધકામ સાથે બનશે. જેમાં તાલુકા પંચાયત કચેરીની વિવિધ કચેરીની વિવિધ શાખા સાથેકોન્ફરન્સ રૂમ, મીટિંગ હોલ, સ્ટોર રૂમની કામગીરી, ઈલેક્ટ્રિફિકેશનની કામગીરી, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, સેનેટરીઅને પાણીની સુવિધા તેમજ ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરાવાશે. નવી તાલુકા પંચાયત બનવાથી વલસાડ તાલુકાના ગામોમાંથી કામ અર્થે આવતા નાગરિકોને તમામ અદ્યતન સુવિધા ઉપલબ્ધ થશે જેથી તાલુકા મથકે આવતાનાગરિકોસમસ્યાઓનોસરળતાથીઅને ઝડપીનિકાલ થઈશકશે. તાલુકા પંચાયતનાઅધિકારીઓ અને કર્મચારીઓની સરળતાથીઅને ઝડપી કામગીરીકરી શકાશે.

વલસાડ સિવિલ હોસ્પિટલ રોડ રૂ. ૩ કરોડના ખર્ચે પહોળો થશે

વલસાડ અટાર પારનેરા પારનેરા ખોખરા ફળિયા રોડ (વલસાડ સિવિલ હોસ્પિટલ રોડ)ના વાઈડનીંગએન્ડ સ્ટ્રેન્ધનિંગ માટે રૂ. ૩૦૦ કરોડ ફાળવાતા આજે નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. વલસાડ તાલુકાના હાલર તળાવથી શરૂ થઈ સિવિલ હોસ્પિટલ થઈ વાંકી નદી સુધી કોસ્ટલ હાઈવેને જોડતો આ અગત્યનો રોડ છે. આ રોડ પર સિવિલ હોસ્પિટલઆવેલી હોવાથી ટ્રાફિકનુંખૂબ જ ભારણ રહે છે. હવે આ રોડ પહોળો થવાથી ટ્રાફિકનું ભારણ ઓછું થશે. સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થેઆવતા વાહનોને અવરજવરમાં સરળતા અને સુગમતા રહેશે અને ઝડપી સારવાર મળશે. આ રોડ ૫.૫૦ મીટરમાંથી ૧૦.૦૦ મીટર પહોળાઈમાં વાઈડનીંગની કામગીરી, નાળા કામ, ડામર કામ અને રોડની સેફટીની કામગીરી આગામી ૧૧ માસમાં કરાશે.

રૂ. ૨ કરોડના ખર્ચે બનનારા માહિતી ભવનમાં પત્રકારો માટે અલાયદો રૂમ અને પ્રદર્શની હશે

વલસાડજિલ્લા મથક ખાતે માહિતીખાતાનું અલાયદુ મકાન તૈયાર થવાથી મુલાકાતીઓપ્રદર્શન નિહાળી શકશે. પત્રકારો માટે અલાયદો રૂમ હોવાથી પત્રકારોને એક જ જગ્યાએ સમાચારોની માહિતી મળી રહેશે. માહિતી ભવનનું નિર્માણ થવાથી માહિતી ખાતાના અધિકારીઓ તેમજ કર્મચારીઓ કામગીરી કરવામાં ઉત્સાહ વધતા જિલ્લામાંસરકારશ્રીની કામગીરીઓ તેમજ યોજનાઓનોપ્રચાર પ્રસાર વધુ સારીરીતેથઈશકશે. ગ્રાઉન્ડ બે માળના નવા માહિતી ભવનનું બાંધકામ આગામી ૯ માસની સમય મર્યાદામાં પૂર્ણ થશે. નવા મકાનમાં ગ્રાઉન્ડફલોરમાં પાર્કિંગની સુવિધા અને પત્રકાર રૂમનોસમાવેશ કરાયોછે. ફર્સ્ટ ફલોર ઉપર ડેપ્યુટી ડાયરેકટર ઓફ ઈન્ફોર્મેશન ઓફિસરની ચેમ્બર, સિનિયર સબ એડિટરનીચેમ્બર, ઓફિસ સુપ્રિટેન્ડન્ટ, એડમિન અને એકાઉન્ટ બ્રાંચ, ઈન્ફોર્મેશન આસિસ્ટન્ટ અનેસ્ટાફ ચેમ્બર તથા લિટરેચર રૂમ, રેકર્ડ રૂમ, રજિસ્ટ્રીઅને માહિતી કેન્દ્રનોસમાવેશ કરાયોછે. સેકન્ડફલોર પર ડેપ્યુટી એક્ઝિક્યુટીવએન્જિનિયરનીચેમ્બર, ઈલેક્ટ્રોનિક મીડિયા અને ટેકનિકલ બ્રાંચ હોલ, એક્ઝિબિશન/કોન્ફરન્સ હોલવીથ લાઈબ્રેરી, સ્ટોરરૂમ તેમજ વધારાના બે રૂમનો સમાવેશ કરાયો છે.

કમલમ્ ન્યુઝ,વલસાડ

રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વલસાડ જિલ્લા સેવા સદન - ૧ ના પ્રાંગણમાં રૂ. બે કરોડનાખર્ચે તૈયાર થનારા માહિતી ભવનનું ભૂમિપૂજન કર્યુ હતું. આ સાથે મંત્રીશ્રીએ જિલ્લા પંચાયતના વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓ માટેસ્ટાફ ક્વાટર્સ, વલસાડ તાલુકા પંચાયતની નવીન કચેરી અને વલસાડ સિવિલ હોસ્પિટલ રોડ પહોળો કરવાની કામગીરી મળી કુલ રૂ. ૨૦ કરોડના કામોનું પણ ભૂમિપૂજન કર્યુ હતું. માહિતી ભવનના નિર્માણ માટે માહિતી નિયામકશ્રી કે.એલ. બચાણીએ દુરવાણી દ્વારા શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગેજિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ, વલસાડ તાલુકા પંચાયતનાપ્રમુખ મીનાબેન ઠાકોર અને તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ આશિષભાઈ ગોહિલ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે નાણાં મંત્રીશ્રીકનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે તેઓ માહિતી ખાતાને ખૂબ જ મહત્વ આપતા હતા.

માહિતી ખાતુ એ સરકારનો આયનો છે. આ વિભાગ માત્ર સમાચાર આપવાનું જ કામ નથી કરતો પરંતુ સરકારની યોજનાઓનો પ્રચાર પ્રસાર તેમજ સરકારી સાહિત્યના વિતરણની કામગીરીપણ બખૂબી નિભાવે છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વલસાડ જિલ્લામાં હાલમાંજેલ ન હોવાથી કેદીઓને નવસારી અનેસુરત સુધીલઈ જવુ પડતુ હોય છે, જેના કારણે પોલીસની કામગીરીપણ વધી જાય છે. જેથી આપણા વલસાડ જિલ્લામાં જેલ બનાવવા માટે ભલામણ કરી છે. જિલ્લા પંચાયતના વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓ માટે કવાટર્સ અને નવીન વલસાડ તાલુકા પંચાયત બનનાર હોવાથી વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલને અભિનંદન આપ્યાહતા. પત્રકારોને સંબોધીને મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, પોઝિટિવ વિચારોથી આગળ ચાલીશુ તો આપણો વલસાડ જિલ્લો સમગ્ર ગુજરાતમાં અગ્રેસર રહેશે. વધુમાં માહિતી ભવન માટે વલસાડ જિલ્લા માહિતી ખાતાની ટીમ અને પત્રકારોને મંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. વલસાડ ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે વલસાડ શહેરની મધ્યમાં માહિતી ભવન બની રહ્યુ હોવાનું ગૌરવભેર જણાવી કહ્યું કે, માહિતી ભવન બનવાથી પત્રકારોને કામ કરવામાં સુગમતાપડશે. વધુમાં તેમણે વલસાડ જિલ્લા પંચાયત, તાલુકાપંચાયતના બાંધકામ સહિત વિવિધ વિકાસલક્ષી કાર્યોની માહિતી આપી હતી. માહિતી વિભાગની સુરત પ્રાદેશિક કચેરીના સંયુકત માહિતી નિયામકશ્રી એ.બી.મછારે સ્વાગત પ્રવચનમાં મંત્રીશ્રી સહિતના મહાનુભાવો અને પત્રકારોનું શાબ્દિક સ્વાગત કરી જણાવ્યું કે, માહિતીખાતુ અને સરકાર એક સિક્કાની બે બાજુ છે. માહિતી ખાતુ સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ કામગીરી બજાવે છે. નવા માહિતી ભવનથી વલસાડ જિલ્લામાં સરકારના પ્રચાર પ્રસારની કામગીરી વધુ સારી રીતે થઈ શકશે. ખાતમુહૂર્ત પૂર્વે વલસાડ જિલ્લા માહિતી કચેરીના ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામકશ્રી યજ્ઞેશભાઈ ગોસાઈના હસ્તે વિશેષ પૂજા કરવામાંઆવી હતી. વલસાડ માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર જે.કે.પટેલે ખાતમુહૂર્ત થયેલા ચાર વિકાસના કામોની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, સુરત પ્રાદેશિક માહિતી કચેરીના સહાયક માહિતી નિયામકશ્રી ઉમેશભાઈ બાવીસા, વલસાડ માહિતી કચેરીનાનાયબ કાર્યપાલક ઈજનેર એચ.ડી.તાડા સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ તેમજ વલસાડ જિલ્લાના પત્રકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ વલસાડજિલ્લા માહિતી કચેરીના ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામકશ્રી યજ્ઞેશભાઈ ગોસાઈએ કરી હતી.



કમલમ્ ન્યુઝ,

આણંદના બોચાસણ ખાતેમાનનીય પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબની ની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લાના ચૂંટાયેલાજન પ્રતિનિધિઓનો સ્નેહમિલન કાર્યક્રમ સાથેપાટીલ સાહેબના હસ્તે વર્ષોથી કોંગ્રેસ અને એન.સી.પી સાથે જોડાયેલા ૯૦૦ થી વધુ કાર્યકર્તાશ્રીઓને ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરાવી પાર્ટીમાં જોડ્યા. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી સાસંદ શ્રી દેવુસિંહ ચૌહાણ, જિલ્લા પ્રભારી શ્રી રાકેશભાઈ શાહ, લોકસભાપ્રભારી શ્રીશબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, લોકસભા બેઠક સંયોજક શ્રી લાલસિંહભાઈ વડોદિયા, ધારાસભ્યશ્રીઓ, પુર્વ સાંસદશ્રીઓ, જિલ્લા અને તાલુકા સંગઠનનાપદાધિકારીશ્રીઓ, ચુંટાયેલાપ્રતિનિધિશ્રીઓ, જિલ્લા અને તાલુકા પંચાયતના પદાધિકારીશ્રીઓ, સહકારી સંસ્થાઓના પદાધિકારીશ્રીઓ, આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં.

ધારાસભ્ય રીતેષભાઈ વસાવા નાં હસ્તે બીટીપી નાં તાલુકા પંચાયત સભ્ય સરપંચ તથાં માજી સરપંચો ભાજપનો ભગવો ધારણ કર્યો

વડાપ્રધાન નરેન્દ્રમોદી ની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ તથાં તમાંમ લોકોનો વિકાસ કરવાની ભાવનાથી પ્રેરીત થયને ભાજપનો ભગવો ધારણ કર્યો

કમલમ્ ન્યુઝ,

ધારાસભ્ય રીતેષભાઈ વસાવા નાં હસ્તે નેત્રંગ તાલુકા બિલોઠી તાલુકા પંચાયત નાં સભ્ય રીનાબેન જયેશભાઈ વસાવા જે બિટીપી માથી બિલોઠી તાલુકા પંચાયત વિજય થયાં હોય તે પોતાના સમર્થકો સાથે કવચીયા નાં સરપંચ શંકરભાઈવસાવા પોતાના સમર્થકો સાથે નેત્રંગ ગ્રામ પંચાયત નાં માંજીસરપંચ બાલુભાઈ કલમ ભાઈ વસાવા નેત્રંગ ગ્રામ પંચાયત નાં માજી સરપંચ સીમાબેન બાલુભાઈ વસાવાપોતાના સમર્થકો સાથે માંજી સરપંચ કાશીભાઈ દેશમુખ નાં પૌત્ર સંદિપભાઈ દેશમુખ માજી કાંટીપાડા તાલુકા સભ્ય મંગાભાઈ વસાવા એમનાં સમર્થકો સાથે આજરોજ વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા ધારાસભ્ય રીતેષવસાવા તમાંમ ને દિલથી આવકાર્યા સાથે તમાંમ લોકોએ ભારતીય જનતા પાર્ટીના ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી નાં વિકાસનાં લગતી કામગીરી તથાં પ્રજાલક્ષી યોજના થી પ્રભાવિત થઈ ને ભાજપનો ભગવો ધારણ કર્યો હોય તેમ જણાવ્યું કાર્યક્રમમાં ધારાસભ્ય રીતેષવસાવા જોડે ઝગડિયા તાલુકા પંચાયત પ્રમુખશ્રી જયેન્દ્રભાઈ વસાવા નેત્રંગ તાલુકા સંગઠન મહામંત્રીશ્રી પ્રકાશભાઈ ગામિત જીલ્લા કારોબારી સભ્ય ગૌતમભાઈ વસાવા તથાં બીજા સંગઠન નાં કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં તમાંમ ને ધારાસભ્ય રીતેષવસાવા એ ભારતીય જનતા પાર્ટીના માં જોડ્યા

જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજખાતે નવા એમ.આર.આઇ મશીનનું લોકાર્પણ કરાયું

કમલમ્ન્યુઝ,ઈકબાલ મેમણ

સાબર કાંઠા જિલ્લા મથક હિંમતનગર ખાતે આવેલ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ-સિવિલ હોસ્પિટલ સાબરકાંઠા તેમજ આસપાસના જિલ્લાઓના દર્દીઓ માટે જીવા દોરી સમાન બનીરહી છે. અત્યાધુનિક મશીનરી થી સુસજજ એવી મેડિકલ કોલેજ ખાતે સાંસદ શ્રીદિપસિંહ રાઠોડના હસ્તે નવાએમઆરઆઈ મશીનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. સાંસદ શ્રી દિપસિંહ રાઠોડ એ આ પ્રસંગેજણાવ્યું હતું કે, હિંમતનગર મેડિકલ કોલેજ દર્દીઓ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહી છે. ત્યારે મેડિકલ કોલેજ ખાતે નવીન એમઆરઆઈ મશીન થકી અનેક જરૂરિયાતમંદ દર્દીઓને એમ આર આઈ માટે હજારો રૂપિયાનો ખર્ચ બહાર કરવોપડશે નહીં. સીટી સ્કેન અને એમ આર આઈની સુવિધા મેડિકલ કોલેજ ખાતેથવાથી અભણ અને ગરીબ દર્દીઓને અહીં તહીં ભટકવું પડશે નહીં. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુંહતું કે, મેડિકલ કોલેજનીસુવિધામાંવધારો થવાથીઅનેક દર્દીઓને લાભ થશે. ડોક્ટરોને દર્દીઓને પરિજન સમજી સેવા કરવાજણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ભૂમિકાબેન પટેલ, જિલ્લા કલેકટર શ્રી નૈમેષ દવે, સી.ડી.એમ.ઓ. શ્રી બળદેવભાઈ પટેલ, મેડિકલ કોલેજના ડીનશ્રી, અગ્રણી શ્રી સિદ્ધાર્થ પટેલ, શ્રી વિજય પંડ્યા મેડિકલ કોલેજના ડોક્ટરો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

નાણામંત્રીશ્રી કનુભાઈદેસાઈના હસ્તે વાપી એસટી ડેપોમાં પાંચ નવી બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવાઈ

કમલમ્ ન્યુઝ,વલસાડ

ગુજરાત સરકાર દ્વારા એસટી નિગમને નવીન ટેકનોલોજીની અદ્યતન બસો ફાળવવામાં આવી રહી છે તે પૈકી હાલ રાજ્યમાં ૫૦૦ નવી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જેમાંથી વલસાડએસટી વિભાગના વાપી ડેપોને પાંચ નવીન બસો ફાળવવામાં આવતા શુક્રવારે રાજ્ય સરકારના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે રીબીન કાપી અને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ તેમનાસંબોધનમાં જણાવ્યુંકે, વાપી એસટી ડેપોની જૂની બસો કાઢીને આગામી દિવસોમાં તબક્કાવાર તમામ નવી બસો આપવામાં આવશે. જેથી મુસાફરોની સુવિધામાં વધારો થશે. આ પ્રસંગે વાપી નગરપાલિકા પ્રમુખ કાશ્મીરાબેન શાહ, વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રમુખ સતિષભાઈ પટેલ, માજી વી.આઈ.એ. પ્રમુખ કમલેશભાઈ પટેલ, વાપીનગરપાલિકા કારોબારી અધ્યક્ષ મિતેશભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોનું સ્વાગત તથા આભારવિધિ વાપી ડેપો મેનેજર જયદીપ એસ. માહલા દ્વારા કરવામાંઆવી હતી.



ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ૩૩૨ તાલીમાર્થીઓનો દીક્ષાંત પરેડસમારોહ યોજાયો

પોલીસે નિષ્ઠાવાન હોવાની સાથોસાથ સંવેદનશીલ હોવું પણ જરૂરી : ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

કમલમ્ ન્યુઝ,

ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ખાતેઆજે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ૨૬૧ બિન હથિયારી PSI, 48 હથિયારી PSI અને ૨૩ ઈન્ટેલિજન્સ ઓફિસરમળી ૩૩૨ તાલીમાર્થીઓનો દીક્ષાંત પરેડ સમારોહ યોજાયો હતો. ગૃહ રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પોલીસે નિષ્ઠાવાન હોવાની સાથે સંવેદનશીલ હોવુંપણ જરૂરીછે. જે ગુજરાત પોલીસમાં પ્રતિબિંબિત થાય છે. ગુજરાત પોલીસ માત્ર લૉ એન્ડ ઓર્ડર સાંભળવામાં જ શ્રેષ્ઠ નથી, કુદરતી આપત્તિઓ અને હોનારતના સમયે ફ્રન્ટ ફૂટ પર કામ કરીઅનેક જીવનબચાવનાર ફોર્સ છે. આ ગૌરવવંતી ફોર્સમાં જોડાવવાનું ગર્વ તમારી પરેડના પ્રત્યેક કદમ પર ઝળકતું હતું. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વર્તમાન ટેકનોલોજીના યુગમાં છે તેમજ વિવિધ સોફ્ટવેરનો ઉપયોગ તો અનિવાર્ય છે જ, તેની સાથોસાથ હ્યુમન ઈન્ટેલિજન્સ પણ એટલું જ જરૂરી હોવાથી બંનેનો સમન્વય પોતાની કામગીરીમાં કરવા મંત્રીશ્રીએ સૌ દિક્ષાર્થીઓને સૂચન કર્યું હતું. ગૃહ રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સમાજ રક્ષા માટે પોલીસ દળને કરિયર માટે પસંદ કરવાની આ નવનિયુકત પોલીસ જવાનોની ભાવના અભિનંદનીય છે. ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ખાતે સફળતાપૂર્વક તાલીમ પ્રાપ્ત કરી રાજ્ય પોલીસબેડામાંસેવારત થવા જઈ રહેલા ૨૬૧ બિન હથિયારી PSI, 48 હથિયારી PSI અને ૨૩ ઈન્ટેલિજન્સ ઓફિસર તાલિમાર્થીઓને દિક્ષા આપવામાં આવીહતી. જેમાં ૯૬ મહિલા અને ૨૩૬ પુરુષ દીક્ષાર્થીનો સમાવેશ થાય છે. ગૃહ રાજ્ય મંત્રીશ્રીએઆજે શપથ લેનારા ૩૩૨ પોલીસ અધિકારીઓ રાજ્યની સુરક્ષા, સલામતી અને શાંતિમાં વધારો કરશેતેમજ રાજ્યનીપ્રગતિને એક નવામુકામે પહોંચાડશેએવી આશા વ્યક્ત કરીને સફળ કારકિર્દી માટે શુભેચ્છાઓ આપી હતી. આ અવસરે ગુજરાતપોલીસઅકાદમી કરાઈના આચાર્ય શ્રી અભય ચુડાસમાએ દીક્ષાર્થીઓને શપથ લેવડાવ્યા હતા તેમજ અધિક પોલીસમહાનિદેશક, તાલીમ સુશ્રી નિરજા ગોટરૂ દ્વારા વિગતવાર તાલીમ અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ દીક્ષાંત પરેડ સમારોહમાં પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી વિકાસ સહાય, ગુજરાત પોલીસ અકાદમી કરાઈના ઉપાચાર્ય સુશ્રી સુજાતા મજમુદાર તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ, વિવિધ તાલીમાર્થીઓ સહિત દીક્ષાર્થીના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

-: ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી :-

- ટેકનોલોજીના યુગમાં AI તેમજ વિવિધ સોફ્ટવેરનો ઉપયોગ તો અનિવાર્ય છે જ, તેની સાથોસાથ હ્યુમન ઇન્ટેલિજન્સ પણ એટલું જ જરૂરી
- પોલીસ દળને કરિયર માટે પસંદ કરવાની આ નવનિયુક્ત પોલીસ જવાનની ભાવના અભિનંદનીય
- દિક્ષાંત સમારોહમાં ૨૬૧ બિન હથિયારી PSI, 48 હથિયારી PSI અને ૨૩ ઇન્ટેલિજન્સ ઓફિસર તાલિમાર્થીઓને દિક્ષા અપાઇ
- ગૃહ રાજ્યમંત્રીશ્રીએ તાલીમ દરમિયાન ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરનારા તાલીમાર્થીઓને ટ્રોફીથી નવાજ્યા

રૂ. ૩૭૫.૬૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર વિજાપુર નવીન એસટી ડેપો વર્કશોપ , રૂ.૧૩૮.૧૮ લાખના ખર્ચે લાડોલ અને રૂ.૧૭૧ લાખ ના ખર્ચે બનનારા કુકરવાડા નવીન બસ સ્ટેશનનું ખાતમુહૂર્ત અને તક્તી અનાવરણ કરવામાં આવ્યું

સાંસદશ્રી શારદાબેન પટેલના અધ્યક્ષ સ્થાને વિજાપુર ખાતે વિજાપુર એસટી ડેપો વર્કશોપ લાડોલ અને કુકરવાડા નવીન બસ સ્ટેશનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું

કમલમ્ન્યુઝ,ડેવિડ પટેલ.

સાંસદશ્રી શારદાબેન પટેલના અધ્યક્ષ સ્થાને આજરોજ વિજાપુર ખાતે વિજાપુર એસટી ડેપો વર્કશોપ લાડોલ અને કુકરવાડા નવીન બસ સ્ટેશનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂ. ૩૭૫.૬૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર વિજાપુર નવીન એસટી ડેપો વર્કશોપ,રૂ.૧૩૮.૧૮ લાખના ખર્ચેલાડોલ અને રૂ.૧૭૧ લાખ ના ખર્ચેબનનારાકુકરવાડાનવીન બસ સ્ટેશનનું ખાતમુહૂર્ત અને તકતી અનાવરણ કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં સાંસદશ્રી શારદાબેન પટેલે જણાવ્યુંહતું કે,'' એસટી અમારી સલામત સવારી સાથે ૧૯૬૦ થી ગુજરાત રાજ્ય વાહનવ્યવહાર પરિવહન નિગમ દ્વારારાજ્યની બસ સેવાનો પ્રારંભ થયો છે. રાજ્ય તેમજ અન્ય રાજ્યોની પરિવહન જીવાદોરી સમાન એસટી બસજાહેર પરિવહન ક્ષેત્રે ગુજરાતના ગામડાઓને સેવા આપીરહી છે. આધુનિક સુવિધાઓ અને સિસ્ટમ સાથે રાજ્યની પરિવહન સેવાઓ વિશેષ આકાર લઈ રહી છે. વર્ષ ૨૦૨૪-૨૫ માં અઢીસો ઈલેક્ટ્રીક બસો મૂકવાનું આયોજન છે જ્યારે ૨૫૦૦ જેટલા અધ્યતન ટેકનોલોજી વાહનો સુપર એક્સપ્રેસ, વોલ્વો વગેરે જેવી બસો જાહેર પરિવહન તો ટ્રેનથી લોકો સરળતાથી વાહન વ્યવહારની સેવા ભોગવી રહ્યા છે. જાહેર પરિવહનમાં સરકાર નફાના ધોરણે નહીં પણ સેવાના ભાગરૂપે કામ કરે છે .જેનો દૈનિક અવરજવર માટે અનેક યોજનાઓ સાથે વિવિધ વર્ગોની સુવિધાનો લાભ આપવામાં આવેછે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ છેવાડાના માનવીની ચિંતા કરી છે. તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યારથી પ્રજાલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ભારત અંતર્ગત વિવિધ વિકાસકાર્યો અને યોજનાઓ થકી ભારતના દરેક નાગરિકને આત્મનિર્ભર બનાવવા સરકાર પ્રયત્નશીલછે તેમાં આપણે સહયોગ કરીએ સરકારની જાહેર સુવિધાઓનો લાભ લઈએ છીએ તેની સાચવણીઅને સ્વચ્છતા રાખીએ તેમજ વડાપ્રધાનશ્રીના ક્લિન ઈન્ડિયા ગ્રીન ઈન્ડિયાને સાર્થક કરવામાંપ્રયત્ન કરીએ, સાથ આપીએ... આ તકે સાંસદ શ્રી શારદાબેન એ રાજ્ય સરકારના પરિવહનમાં એસટી બસની સુવિધાઓ અને સગવડો અંગે વિગતે માહિતી પૂરી પાડી હતી. અગ્રણી શ્રી ગીરીશભાઈ રાજગોરે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે,'' રૂ. ચાર કરોડના ખર્ચે વિજાપુર ,લાડોલ અને કુકરવાડામાં એસટીની સુવિધાઓ સરકાર આપી રહી છે તેનું ખાતમુહુર્ત આજે કરવામાં આવ્યું છે .

છેલ્લા ૨૭ વર્ષથી સરકાર જનસુખાકારી માટે વિકાસકામો કરી રહી છે. તેમાંય પરિવહન સુવિધાજેમકે બસો, ટ્રેનોઅને તેને સલગ્ન સુવિધાઓ અને સગવડો, સ્વચ્છતા આપવા માટે સરકાર પ્રયત્નશીલ રહે છે. જાહેર પરિવહનનો ઉપયોગ કરી ઈંધણ બચાવીને દેશ સેવા કરીએ. દેશનું ઈંધણ બચાવીએ એમ પણ તેમણે આ તકે સૌને અનુરોધ કર્યો હતો, નાગરિક કોને મળતી સુવિધાઓનો સદુપયોગ કરીએ એમ પણ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. એપીએમસીવિજાપુરના ચેરમેનશ્રી કાંતિભાઈ પટેલે આ પ્રસંગે પ્રવચનમાં જણાવ્યુંહતું કે,'' ગેરંટી સાથેનું વિકસિત ભારત સરકાર પરિપૂર્ણ કરવા સક્રિય છે .આજે વિજાપુર એસટી વર્કશોપ તેમજ નવીનતામાં લાડોલ અને કુકરવાડા બસ સ્ટેન્ડના નિર્માણનું ખાતમુહુર્ત થયું છે. સરકાર તમામ ક્ષેત્રે નવી ઈમારત ,વ્યવસ્થાઓ અને પ્રાથમિક સુવિધા આપવા માટે કટિબદ્ધ છે. છેવાડાના માનવીને સગવડ મળે તે માટે સમયસર પરિવહન વ્યવસ્થામળે તેમાટે પણ સરકાર સતત પ્રયત્નશીલ રહે છે.સ્વાગત પ્રવચનમાં શ્રી ડી.સી ઠાકરે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ મહેસાણા વિભાગની અને વિજાપુર એસટી ડેપોની કામગીરી તેમજ કરાયેલા કામોની વિગતો રજૂ કરી હતી....આભારવિધિ કુણાલબેનઠાકરે કરી હતી. આ પ્રસંગે સર્વશ્રી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલ, પૂર્વ સાંસદશ્રી નટુજી ઠાકોર , બેચરાજીના ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર , પૂર્વધારાસભ્ય સર્વશ્રી ડો. સી.જે. ચાવડા. કાંતિભાઈ પટેલ, રમણભાઈ પટેલ તેમજ જિલ્લા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ભરતભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સભ્ય શ્રી હર્ષદભાઈ પટેલ, એસટી નિગમ સલાહકાર સમિતિના ચંદ્રકાંતભાઈ તેમજ અગ્રણી સર્વશ્રી જશીબેન મકવાણા, ભરતભાઈ પટેલ, મિત્તલબેન પટેલ, નારણભાઈ પહાડિયા, નૈમેશ પંડ્યા, સંજયભાઈ પટેલ, વિજાપુર એસટી ડેપો મેનેજર વિજયભાઈ ચૌધરી વિભાગીય પરિવહન અધિકારી શ્રી વાય એન ચૌધરી મજૂર મહાજન પ્રતિનિધિ બી.ડી .મોદી તેમજ લેબર અધિકારી શ્રી બળવંતસિંહ ઝાલા અને એસટી ડેપોના કર્મયોગીઓ તેમજ વિજાપુરના અગ્રણીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગરમાં અનુસૂચિત જાતિ સહકારી મહા અધિવેશનનું ૧૦ માર્ચે ઉદગાટન કરશે.

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી ભાનુબહેન બાબરિયા, સહકાર મંત્રી શ્રી રાજ્ય જગદીશભાઈ વિશ્વકર્મા, મંત્રી શ્રી ભીખુસિંહ પરમાર, સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.



કમલમ્ ન્યુઝ,

ડો.બી.આર.આંબેડકર કો.ઓ.ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીઝ ફેડરેશન લિ. (ગાંધીનગર)ના અધ્યક્ષ શ્રી અમૃતલાલપરમાર અને પેટ્રન તથા પૂર્વ મંત્રી શ્રી ઈશ્વરભાઈ મકવાણાની યાદીમાં જણાવ્યાનુસાર ૧૦માર્ચ ૨૦૨૪ ને રવિવારે, ગાંધીનગર સેકટર ૧૩ના રંગમંચ ખાતે સવારે ૧૦ કલાકે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈપટેલ, ગુજરાતભરમાં એક નવતર પહેલરૂપ 'અનુસૂચિત જાતિ સહકારી મહાઅધિવેશન'નું ઉદ્ગાટન કરશે. આ ગૌરવપૂર્ણ પ્રસંગે રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતિ ભાનુબહેન બાબરિયા, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સામાજિક ન્યાય અધિકારીતા રાજયમંત્રી શ્રી ભીખુસિંહ પરમાર, સાંસદો ડો.કિરીટભાઈ સોલંકી અને વિનોદભાઈ ચાવડા, પૂર્વ સાંસદ અને વર્તમાન ધારાસભ્ય મહંતશ્રી શંભુનાથજી ટુંડિયા, ધારાસભ્ય શ્રી રમણલાલ વોરા, પૂર્વ મંત્રીશ્રી કરસનદાસસોનેરી, પૂર્વસાંસદ શ્રી રતિલાલ વર્મા, પૂર્વ મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, ગાંધીનગર મેયર શ્રી હિતેશ મકવાણા, પૂર્વ સાંસદ શ્રી રાજુભાઈ પરમાર સહિત ધારાસભ્યશ્રીઓ-પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સમાજ આગેવાનો, સરકારશ્રીના પદાધિકારીઓ-અધિકારીઓ, સહકારી આગેવાનોસહિત ગુજરાત રાજ્યની બચત, ધિરાણ અને વિતરણ કરતીઅનુસૂચિત જાતિની ૧૫૦જેટલીસહકારીમંડળીઓના હોદ્દેદારો - સભાસદો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે આ૧૫૦જેટલી મંડળીઓ દોઢ લાખ ઉપરાંતના સભાસદોધરાવે છે.

કમલમ્ ન્યુઝ,

પેટલાદ વિધાનસભાના દાવલપુરા સ્થિત વાલ્મીકી સમાજ નવસર્જન યુવક મંડળ તથાસમુહ લગ્ન કમિટી દ્વારાઆણંદ લોકસભાના ઉમેદવાર અને સાંસદશ્રી મિતેષભાઈપટેલનો સન્માનસમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાંઆવ્યુ. આપ્રસંગે સાંસદશ્રીની સથે જિલ્લાપ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી કમલેશભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતીસોનલબેન પટેલ ઉપસ્થિત રહ્યા

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે ભાવનગરમાં નવનિર્મિત પોલીસ મહાનિરીક્ષકની કચેરીનું લોકાર્પણ કર્યુ હતું. ભાવનગર રેન્જમાં ભાવનગર ઉપરાંત અમરેલી અને બોટાદ જિલ્લાનો સમાવેશ થાય છે. તેથી આ ત્રણેય જિલ્લાની પોલીસને હવે નવનિર્મિત કચેરીનો લાભ મળશે. રૂપિયા ૩.૮૯ કરોડ રૂપિયાના ખર્ચે બનેલી આ કચેરી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. અહીં પેન્ટ્રી, ઈલેક્ટ્રીક રૂમ, રીડર રૂમ, રજીસ્ટ્રી રૂમ, આઈ. જી. ચેમ્બર, સાયબર સેલ, ટેકનીકલ રૂમ, વહીવટી રૂમ, આર. આર. સેલ સહિતની કચેરીઓ કાર્યરત થશે. ઉલ્લેખનીય છે કે સાયબર સેલકચેરી પોલીસઆ સંકુલમાંજ હોવાથી મોનિટરીંગમાં સરળતા રહેશે.

રાજયના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોની દીકરીના શિક્ષણની ચિંતા ડબલ એન્જીન સરકાર કરશે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાની પ્રેરક ઉપસ્થિતિ

ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને ચાર વર્ષમાં કુલ રૂ. ૫૦,૦૦૦ આર્થિક સહાય આપવાની 'નમો લક્ષ્મી' યોજના

ધોરણ ૧૧-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને બે વર્ષમાં કુલ રૂ. ૨૫,૦૦૦ આર્થિક સહાય આપવાની 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજના

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કન્યા કેળવણીની અને દીકરીઓના પોષણ ની નેમ પાર પાડવા તેમજ રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટેની બે ઐતિહાસિક યોજનાઓનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી

શિક્ષણ વિભાગની કુલ રૂ. ૧૬૫૦ કરોડની બન્ને યોજનાઓ રાજ્યના વિદ્યાર્થીઓને અર્પણ

કમલમ્ ન્યુઝ,
મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને ચાર વર્ષમાં કુલ રૂ. ૫૦,૦૦૦ આર્થિક સહાય આપવાની 'નમો લક્ષ્મી' યોજના તથા ધોરણ ૧૧-૧૨ સાયન્સમાં અભ્યાસકરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને બે વર્ષમાં કુલ રૂ. ૨૫,૦૦૦ આર્થિક સહાય આપવાની 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજનાનો શુભારંભ કરાવ્યોહતો. રાજ્યની દિકરીઓને માધ્યમિક અનેઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવાવા પ્રોત્સાહિત કરવા સાથે તેમના પોષણ ની ચિંતા કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કન્યા કેળવણીની નેમ પાર પાડવા તેમજ રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે આ બે ઐતિહાસિક યોજનાઓ આ વર્ષ થી શરુ કરવામાં આવી છે. મુખ્ય મંત્રીશ્રીએ અમદાવાદની જ્ઞાનદા હાઈસ્કુલથી તેનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યભરની ૩૫ હજાર જેટલી પ્રાથમિક-માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ-શિક્ષકો આ કાર્યક્રમમાં ઓનલાઈન જોડાયા હતાં. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે વડાપ્રધાનશ્રીનો શુભેચ્છા સંદેશ વાચી સંભળાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આપ્રસંગે જણાવ્યું કે, ગુજરાતની નારીશક્તિ અને યુવાશક્તિને જ્ઞાનવર્ધન માટે, માધ્યમિક શિક્ષણ મેળવવા સાથે પોષણ દ્વારા સશકત કરવાનો અવસર આ બે યોજનાઓના લોન્ચિંગથી આવ્યો છે. રાજ્યના મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારોના સંતાનો ની શિક્ષણની ચિંતાડબલ એન્જીન સરકાર કરશે. શ્રી ભૂપેન્દ્ર પટેલે 'નમો લક્ષ્મી યોજના'ની ભૂમિકા સ્પષ્ટ કરતા જણાવ્યું કે, ધોરણ ૯ થી ૧૨ માં ઉચ્ચતર માધ્યમિક શાળામાં કન્યાઓ પ્રવેશ મેળવે, સાથે-સાથે તેમને પોષણ મળે તે માટે આ યોજનાની શરુઆત કરી છે. સરકારી, અનુદાનિતઅને ખાનગી શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ સુધીનો અભ્યાસકરતીદીકરીઓને શિક્ષણ અને પોષણ એમ બંને માટેની સહાય આ યોજનાથી મળશે. મુખ્યમંત્રીશ્રી નમો લક્ષ્મી યોજના વિશે તેમણે વધુમાં જણાવ્યું કે, ધોરણ ૯ અને ૧૦માં ૧૦ મહિના સુધી માસિક રૂપીયા ૫૦૦-૫૦૦ પ્રતિ વર્ષ મળશે, બાકીના રૂપીયા ૧૦ હજાર ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા પાસ કરવાથી મળશે. ધોરણ ૧૧ અને ૧૨માં ૧૦ મહિના સુધી માસિક રૂપીયા ૭૫૦-૭૫૦ પ્રતિ વર્ષ મળશે, બાકીના રૂપીયા ૧૫ હજાર ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા પાસ કરવાથી મળશે. મુખ્યમંત્રીશ્રીએ નમો સરસ્વતી વિદ્યા અને સાધના યોજના અંગે કહ્યું કે, રાજયના દીકરા દીકરીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણવા માટે પ્રોત્સાહિત થાય સાયન્સ સ્ટ્રીમમાં આગળ વધે તેવો હેતુ આ યોજના શરૂ કરવા પાછળ છે. મુખ્યમંત્રી શ્રી આ યોજનાની ભૂમિકા આપતા જણાવ્યું કે, આ યોજનામાં ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સમાં ૧૦ મહિના સુધી માસિક રૂપીયા ૧૦૦૦ પ્રતિ વર્ષ, એમ કુલ રૂપીયા ૨૦હજાર મળશે, બાકીના રૂપીયા પાંચહજાર ધોરણ ૧૨ સાયન્સની બોર્ડની પરીક્ષા પાસ કરવાથી મળશે અત્રે ઉલ્લેખનીય છે કે, ધોરણ૯, ૧૦માં અનેસાયન્સ, કોમર્સ, આર્ટ્સના ધો. ૧૧, ૧૨માં અભ્યાસ કરતી દિકરીઓને 'નમો લક્ષ્મી યોજના'નોલાભ મળશે. તેમજ ધો. ૧૨, ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાનો લાભ મળશે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ધોરણ ૧૧-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી દીકરીઓને નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના આ બન્ને યોજનાનો લાભ મળશે. તેમણે વધુમાં કહ્યું કે, સરકારી અને અનુદાનિત શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ યોજનાઓનો લાભ પરિવારની આવક મર્યાદા ધ્યાને લીધા વિના મળશે. આ બંને યોજનાઓની જાહેરાતરાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં કરીછે અને 'નમો લક્ષ્મી યોજના' માટે વાર્ષિક રૂ. ૧૨૫૦ કરોડ તથા 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' માટે રૂ. ૪૦૦ કરોડ એમ કુલ રૂ. ૧૬૫૦ કરોડની જોગવાઈ પણ બજેટમાં કરવામાં આવી છે. તેમણે ઉમેર્યુ કે, મોટાભાગે બજેટમાં જે જોગવાઈઓ કે જાહેરાતોથઈ હોય તેના અમલ માટે વહીવટી આંટીઘુંટીમાંઘણો સમય જતો હોય છે. પરંતુવડા પ્રધાનશ્રીનરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શનમાં ડબલ એન્જિન સરકારે યોજનાઓની જાહેરાત સાથે જ તેનો અમલ પણ તરત જ થાય તેવું વર્ક કલ્ચર ઊભું કર્યુ છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ વર્ષના બજેટમાંરજૂ થયેલી૮૮% જેટલી જોગવાઈઓને વહીવટી મંજૂરી આપી દેવાઈ છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શિક્ષણ ક્ષેત્રે સતત સુધાર માટે ડબલ એન્જિન સરકાર સતત પ્રયત્નશીલ છે અને તેના સુખદ પરિણામો આવી યોજનાઓ અને વિદ્યા સમીક્ષા કેન્દ્ર જેવા આધુનિક પ્રકલ્પોના અમલથી જોવા મળે છે. આઝાદીનો અમૃતકાળ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સૌના પ્રયાસોથી ગુજરાતના શિક્ષણ ક્ષેત્ર માટે સુવર્ણકાળ બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આપ્રસંગે જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ, જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશિપ, જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સઅને રક્ષાશક્તિ સ્કૂલ્સ હેઠળ ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને અંદાજિત રૂ. ૬૧ કરોડનાલાભોનું વિતરણ કર્યું હતું. તેમણે જ્ઞાનદા ગર્લ્સ હાઈસ્કૂલની બે કમ્પ્યૂટર લેબ અને વિવિધ સ્માર્ટ કલાસનોપ્રારંભ પણ કરાવ્યોહતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરે આ પ્રસંગે જણાવ્યું હતુ કે, શિક્ષિત ગુજરાત, વિકસિત ગુજરાત માટે વિકસિત ભારતજ૨૦૪૭ની સંકલ્પનામાં કન્યાઓ-કિશોરીઓની ભૂમિકાસવિશેષ છે. તેમના પોષણ, શિક્ષણ અને આરોગ્યને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન અને રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં રાજયમાં કન્યા કેળવણી મહોત્સવની શરૂઆત કરાવી હતી, જેના ભાગરૂપે રાજ્યમાં કન્યા કેળવણી દર ખૂબ જ અસરકારક રીતે સુધર્યોછે. આ કન્યા કેળવણી રથને પ્રગતિના પથ પર આગળ ધપાવતા રાજ્યના મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં કન્યાઓના શિક્ષણ અને પોષણની ચિંતા કરતી તેમજ રાજ્યના વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહ પ્રત્યે પ્રોત્સાહિત કરતી શિક્ષણ વિભાગની આ બે યોજનાઓ આજે શુભારંભ કરવામાંઆવીછે. વડાપ્રધાનશ્રીના 'સહી પોષણ, દેશ રોશન'ના સૂત્રને નમો લક્ષ્મી યોજના સાકાર કરશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. શિક્ષણ રાજયમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા એ આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન અને રાજ્યનાતત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથ, ગુણોત્સવ સહિતના અનેકવિધ ઉપક્રમોદ્વારા રાજ્યમાંશિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આણેલું. એ જ દિશામાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે રાજ્યના દીકરાદીકરીઓને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદેશ સાથે આજે રૂ. ૧૬૫૦ કરોડની બે નવીન યોજનાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. આ પ્રસંગે અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન, ધારાસભ્ય સર્વે શ્રી અમિતભાઈ શાહ અને અમિતભાઈ ઠાકર, ડેપ્યુટીમેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્કૂલ બોર્ડના ચેરમેન શ્રી સુજય મહેતા, સ્ટેન્ડિંગકમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સચિવ શ્રી વિનોદરાવ, જિલ્લા કલેકટર સુશ્રી પ્રવિણા ડી.કે. તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યાહતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

- ગુજરાતની દીકરીઓ ને જ્ઞાનવર્ધન માટે, માધ્યમિક શિક્ષણ મેળવવા માટે પ્રેરિત કરવા અને દીકરીઓને પોષણથી સશક્ત કરવાનો અવસર
- યોજનાઓની જાહેરાત સાથે જ તેનો અમલ પણ તરત જ થાય તેવું વર્ક કલ્ચર વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં ડબલ એન્જિન સરકારે ઊભું કર્યું.
- આઝાદીનો અમૃતકાળ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સૌના પ્રયાસોથી ગુજરાતના શિક્ષણ ક્ષેત્ર માટે સુવર્ણકાળ બનશે

કમલમ્ ન્યુઝ,
માણસા તાલુકાના લોદરા ગામ ખાતે સાબરમતી ગેસ લિમિટેડ દ્વારાસંચાલિત પી.એન.જીગેસ પુરવઠા (ગેસિફિકેશન) નું ઉદ્ઘાટન કરતા માણસા વિધાનસભા ધારાસભ્યશ્રી જે.એસ.પટેલ.

સમૃધ્ધ લોકશાહીના નિર્માણ માટે લોકોની જરૂરિયાતોને ધ્યાને રાખીને સંપૂર્ણ સંવેદના સાથે કાર્ય કરવા સંકલ્પબધ્ધ બનીએ: સાંસદ શ્રી સી.આર.પાટીલ

રાજકારણથી દૂર રહીને, એક નાગરિક તરીકે આપણી જવાબદારીનું પાલન કરવું એ આપણા સૌની ફરજ, સૌને સાથે રાખીને વિકસિત ભારતજ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આગળ વધવુ પડશેઃ મંત્રી શ્રી હર્ષ સંઘવી

રાજ્યની ૮૩ યુનિવર્સિટીમાંથી એક દિવસ માટે સાંસદ તરીકે પસંદગી પામેલા ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓએ સંપૂર્ણ સંસદીય પ્રણાલી અનુસરીને સંસદની કાર્યવાહી ચલાવી

કમલમ્ ન્યુઝ,
'વિકસિત ભારત @2047' સંકલ્પને સિધ્ધિ સુધી લઈ જવા દેશના યુવાઓનું ટેકનોલોજી સહિતના ક્ષેત્રોમાં જ્ઞાન અને યુવાઓનું યોગદાન ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થશે ત્યારે આ વિઝનને સાકાર કરવાના ઉદેશ હેઠળ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આજે 'યુવા સાંસદ-૨૦૨૪' કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલઅને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રીશ્રી હર્ષસંઘવીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનો શુભારંભ થયો હતો. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી હર્ષસંઘવીએ એક દિવસના સાંસદ બનેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યુ કે, પક્ષના રાજકારણથી દૂર રહીને, એક નાગરિક તરીકે આપણી જવાબદારીનું પાલન કરવું એ આપણા સૌનીફરજ છે, અને સૌને સાથે રાખીને વિકસિત ભારતજ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આગળ વધવુ પડશે. આ પરિવર્તનની શરૂઆત આપણા પરિવારથી થવી જોઈએ. તેમ કહી શ્રી સંઘવીએ શ્રી મોદીના ધ્યેયમંત્ર "સૌના સાથ સૌના વિકાસ, સૌના પ્રયાસ અને સૌના વિશ્વાસ"ને તાદ્રશ્ય કરાવતી દક્ષિણ ફિલ્મની એક સંવેદનશીલ ક્લિપબતાવી હતી, જેમાં શારીરિક રીતે વિકલાંગ વિદ્યાર્થીઓનું ગ્રુપ એકબીજાનો હાથ પકડી સાથે મળીને સૌ પ્રથમ નંબરે આવે છે અને વિજયનોઆનંદ માણે છે. શ્રી સંઘવીએ કહ્યુ હતું કે, વિવિધ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ આ યુવા સંસદમાં એક દિવસ માટે સંસદસભ્ય બનીને એવા વિષયો ઉપર ચર્ચા કરી છે જેની સમગ્ર દેશમાંખૂણે ખૂણેચર્ચા થઈરહી છે. યુનિફોર્મ સિવિલ કોડ, કલમ ૩૭૦, ગ્રીન એનર્જી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સાયબર સિક્યુરિટી જેવા પાંચ મહત્વના વિષયોઉપરાંત અયોધ્યા મંદિરના નિર્માણથી આવનાર આર્થિક બદલાવ જેવા ખુબ જ અગત્યના મુદ્દાઓ પર સૌ એક દિવસીય સાંસદ સભ્યોને ચર્ચા કરવાની તક મળી તે બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉમેર્યુ કે, રાજ્યની ૮૩ કરતાં વધુ યુનિવર્સિટીમાંથી સાંસદ તરીકે ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓને પસંદ કરવામાંઆવ્યાતે પણખુબ કઠીન કામ હતુ. સંપૂર્ણ સંસદીય પ્રણાલી અનુસરીને સંસદની કાર્યવાહી કરવામાં આવી જેમાં ગૃહમાં અધ્યક્ષસહિત આશરે ૩૫ જેટલા વિદ્યાર્થિઓએ મંત્રી બનીને ગૃહમાં ચર્ચામાં જોડાયા અને પ્રશ્નોના જવાબ આપ્યા. આ એક દિવસીય સાંસદોએશૂન્ય કાળ, તારાંકીતઅને અતારાંકીત પ્રશ્નો સહિત વિવિધ મહત્વના વિષય પર ચર્ચાકરી અને કામગીરી દરમ્યાન પાંચ મહત્વના બીલ પર ચર્ચા અને ચર્ચાને અંતે વોટીંગ પેડના માધ્યમથી મતદાનનું પણઆયોજન કરવામાંઆવ્યુ. આ સમગ્ર આયોજન આબેહુબ સંસદ જેવુ જ કરવામાં આવતાઆ યુવાઓ સંસદની કામગીરીવધુ અસરકારક રીતે સમજી શક્યા. નવસારીના સાંસદ શ્રીસી.આર.પાટીલે ગુજરાત યુવા સાંસદના આયોજનને આવકારતાં કહ્યું કે, સમૃધ્ધ લોકશાહીના નિર્માણ માટે લોકોની જરૂરિયાતને ધ્યાને રાખીને સંપૂર્ણ સંવેદના સાથે કાર્ય કરવા આપણે સૌએ સંકલ્પબધ્ધ બનવું જોઈએ. તેમણેઆયોજકોને સંસદના જેવું જ વાતાવરણ ઉભું કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉમેર્યુંકે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "સૌના સાથ સૌના વિકાસ, સૌના પ્રયાસ અને સૌના વિશ્વાસ"ના મંત્ર થકી લોકોને જન સુખાકારીના લાભો વધુને વધુ ઝડપથી મળતા રહે એ માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને સંકલિત બજેટનો નવતર અભિગમ દાખવીને યોજનાકીય લાભો આપ્યાછે. એટલેજ મોદીની ગેરંટી ઉપર દેશવાસીઓનો ભરોસો વધુ મજબૂત બન્યોછે. શ્રી પાટીલે યુવા સાંસદમાંભાગ લઈ રહેલા સૌ યુવાઓને રાજકારણમાં જોડાવવા ઈચ્છુક યુવાઓને સલાહ આપતા કહ્યુંકે, આ એક સેવાનું ક્ષેત્રછે, આ ક્ષેત્ર થકી આર્થિક ઉપાર્જનનો ભાવ હોય તો રાજકરણમાં ન જોડાવવું જોઈએ. જો નાગરિકો માટે કામ કરવાનોઅને તેમની સેવા કરવાનો તમારો ટાર્ગેટ હોય તો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૧૮૦ જેટલી લોકોપયોગી યોજનાઓ અમલમાં છે, આ યોજનાઓની માહિતી લો અને સરકારની યોજનાઓથી તમારા વિસ્તારમાં નાગરિકોને વાકેફ કરી તેમને મળવાપાત્રલાભ અપાવો. એટલુ જ નહિ, આ ક્ષેત્રમાં સૌના કલ્યાણ માટે સંપૂર્ણ સંવેદનશીલતાથી કાર્યરત રહેવાભારપૂર્વક અનુરોધ કર્યોહતો. તેમણેસૌને લોકસભાની કાર્યવાહીની સંપૂર્ણ રૂપરેખા આપી હતી. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી મોદી રાજકારણ કરતા નથી પણ રોજ નવો ઈતિહાસ રચે છે તેમના દ્રષ્ટીવંત આયોજનના પરિણામે પચીસકરોડથી વધુ ગરીબો ગરીબી રેખાથી ઉપર આવ્યા છે. એટલું જ નહી, લાખો કિસાનોને વાર્ષિક રૂપિયા છ હજારની સહાય ડી.બી.ટીના માધ્યમથી સીધા તેમનાબેક ખાતામાંજમા કરાવાય છે. આવા તો અનેક ઐતહાસિક નિર્ણયો મોદીજી એ કર્યા છે જેના પરિણામે તેઓને આજે વૈશ્વિક સ્તરે લોકો શ્રેષ્ઠ નેતા માની રહ્યા છે. તેમણે યુવાનોને આજના સંવાદથી નીકળનાર અમૃતનો તેમના જીવનમાં અમલ કરવા અનુરોધ કર્યોહતો. આપ્રસંગેધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, શ્રી કરસનભાઈ પટેલ, શ્રીબાબુભાઈ જમનાભાઈ પટેલ, પ્રદેશસંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી સહિત વિવિધ પદાધિકારીશ્રીઓઅને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનર શ્રી આલોક કુમાર પાંડે ઉપરાંત અધિકારીશ્રીઓ અને યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,
બનાસકાંઠામાં "જિલ્લાઆયોજન મંડળ"ની બેઠકમાં માન. કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબ ઉપસ્થિત રહી સર્વાંગી વિકાસ માટેના કામો અંગેચર્ચા કરી. જિલ્લામાં ચાલી રહેલ અનેકવિધ વિકાસના કાર્યો અંગે સમીક્ષા કરવામાં આવી અને તમામ કામગીરી ત્વરિતપણે પૂર્ણ કરવા અંગે સૂચનો કરવામાં આવ્યા. આ બેઠકમાં વર્ષ ૨૦૨૪ -૨૫ના બનાસકાંઠાજિલ્લાના વિકેન્દ્રિત જિલ્લા આયોજનની અંતર્ગત વિવેકાધીન અને પ્રોત્સાહક જોગવાઈનું બનાસકાંઠા જિલ્લાનું કુલ ૮ તાલુકાઓ અને ૬ નગરપાલિકાઓના ૫૫૦ કામો માટે રૂ.૧૨૦૧.૮૦લાખનું આયોજન મંજૂર કરવામાંઆવ્યું. આ બેઠકમાં સાંસદ શ્રી પરબતભાઈપટેલ, ધારાસભ્યશ્રી અનિકેતઠાકર, શ્રીપ્રવિણકુમાર માળી, શ્રી કેશાજી ચૌહાણ, જિલ્લા કલેક્ટરશ્રી વરુણકુમાર બરણવાલ, તેમજ સમગ્ર જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :- Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028